Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૭ ● તા. ૧૭ થી ૨૩ નવેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## "ઇલોરા"ની ગુફાઓમાં જૈન મૂર્તિઓ અને કલાકારીગીરી

અજંતા-ઈલોરાની ગુફાઓ મુખ્યત્વે બૌધ્ધ, જૈન અને અમુક અંશે હિંદુ ચિત્રકલા તથા મૂર્તિ અને કલાકારીગરી અંગે વિશ્વ વિખ્યાત પર્યટન આકર્ષણ છે.

આ સંબંધે જ્ઞાતિના જાણીતા પુરાતત્વશાસ્ત્રી (આર્કીયોલોજીસ્ટ) **વિરાજ શાહ** (શ્રી માણેકજી ચત્રભુજ લોડાયા-પુનાના સુપુત્રી)એ પોતાના પી.એચ.ડી. અભ્યાસ *"જૈન રોક-કટ કેવ્સ ઇન વેસ્ટર્ન ઈંડિયા"* પુસ્તકમાં વિશદ છણાવટ કરી છે. જૈન ગુફાઓ ફેલાયેલી હોવાથી ત્યાંની મુલાકાત લેનારાઓનું ધ્યાન ખેંચાતું નથી પણ જૈન કલાના ચાહક તરીકે અનુરોધ કે અહીંની ગુફા નં.XXX, XXXA, XXXI, XXXII, XXXIII અને XXXIVમાં આવેલ જૈન કલાથી માહિતગાર થવાનો પ્રયત્ન કરવામાં આવે. આમાંથી ગુફા નં.. XXX ઈલોરાની મુખ્ય ગુફા કેલાસના અનુકરણને કારણે **છોટા કૈલાસ** તરીકે જાણીતી છે. તેમજ XXXII નંબરની ગુફા ઈન્દ્રસભા તરીકે જાણીતી છે. તેથી તે બન્ને સહેલાઈથી શોધી શકાય તેમ છે. બાકીની જૈન ગુફાઓ તેની આસપાસ આવેલી છે. પ્રસ્તુત છે આ જૈન ગુફાઓમાંની જૈન કલાની ઝલક...

*(સૌજન્ય : વિરાજ શાહ)*



















# EKTA LAND DEVELOPERS

જવાહર રોડ, હોટલ દિશા પાસે, નલીયા - કચ્છ. ફોન : ૦૨૮૩૧ - ૨૨૨૧૯૧

## એકતા નગર - ૧

N. A. PLOT

નલીયા થી ૭ કિ. મી. નાં અંતરે

₹ ૨૦૦/- ચો. ફુટ

રોડ, લાઈટ, પાણી, સ્ટ્રીટલાઈટ જેવી ફેસીલીટી સાથે

## એકતા રૂબી

N. A. PLOT

નલીયા થી ૩ કિ.મી. નાં અંતરે

₹ ૨૨૫/- ચો. ફુટ

## એકતા ગેલેક્સી

નલીયા થી ૪ કિ.મી. નાં અંતરે

6 Months NA

(વગર કોઈ ફેસીલીટી સાથે)

₹ ૧૪૦/- ચો. ફુટ

**જીતેન્દ્ર દિનેશભાઈ લોડાયા**
(મુલુન્ડ)
મો. ૦૯૯૬૭૭૫૫૭૭૩

**યોગેશ નિતીન મોતા**
(ગાંધીધામ)
મો. ૦૯૩૭૭૭૯૧૪૪૪

**સોમચંદ માણેકજી શાહ**
(ડોમ્બીવલી)
મો. ૦૯૩૨૪૧૪૧૫૮૪, ૦૮૧૦૮૧૩૨૩૪૧

**ધવલ રાજેશ નાગડા**
(વડોદરા)
મો. ૦૯૯૨૪૪૫૮૦૦૨

**મહેશ શામજી નાગડા**
(નલીયા)
મો. ૦૯૪૨૮૬૮૪૩૨૭

-: મુખ્ય આયોજક :-

જુગલ માણેકજી નાગડા - અંજાર
૦૮૮૬૬૬૯૨૬૬૬, ૦૯૯૭૮૦૦૨૭૭૨
હેમંત ગુલાબચંદ મોમાયા - મુલુંડ ૦૯૮૧૯૦૧૮૧૪૩
કિરણ લખમશી મોતા - નલીયા ૦૯૯૨૫૯૯૧૧૧૮

**એજન્ટ મીત્રો આવકાર્ય**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# "અનંતછાયા"નું વેચાણ યોગ્ય છે?

*લેખકઃ જસ્ટિસ શ્રી ઈશ્વરભાઈ ગુલાબચંદ શાહ (નિવૃત્ત મુંબઈ હાઈકોર્ટ ન્યાયમૂર્તિ)*

"અનંતછાયા"ની મિલકત શ્રી અનંતનાથજી ટ્રસ્ટની માલિકીની છે, તેનું વેચાણ કરવાનો નિર્ણય ટ્રસ્ટીઓએ લીધો છે અને તે અંગે મંજુરી મેળવવા નામદાર ચેરીટી કમીશ્નર સમક્ષ તેમણે અરજી નોંધાવી છે જેની સુનાવણી હજી બાકી છે.

આ બાબત હાલ ખૂબજ ચર્ચાસ્પદ બની છે અને વિવિધ મંતવ્યો વ્યક્ત થઈ રહ્યા છે. મેં "અનંતનાથજી ટ્રસ્ટ"ના વહીવટ અંગેની સ્કીમ જે નામદાર મુંબઈ હાઈકોર્ટ ૧૯૪૫માં ઘડી છે તેનો તથા ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર સમક્ષ થયેલ અરજી સંબંધીત કેટલાક સાહિત્યનો અભ્યાસ કર્યો છે. તેમજ આ સંદર્ભે સુપ્રીમ કોર્ટ તેમજ મુંબઈ હાઈકોર્ટના ચુકાદાઓનો પણ અભ્યાસ કર્યો છે જેને અનુલક્ષીને મારૂં મંતવ્ય જ્ઞાતિ સમક્ષ રજુ કરવા ઈચ્છું છું.

"અનંતછાયા"ની મિલકત ટ્રસ્ટના સાધારણ ખાતાના એક ભાગરૂપ છે જેમાં ઉક્ત સ્કીમમાં જે જોગવાઈઓ છે તેને અનુલક્ષીને અને નામદાર સુપ્રીમ કોર્ટે "મેહરવાન હોમી ઈરાની"ના કેસમાં (AIR 2001 Supreme Court 2350) જે ચુકાદો આપ્યો છે તેને અનુલક્ષીને એમ ચોક્કસપણે કહી શકાય કે "અનંતછાયા"ની મિલકતનું વેચાણ કરવું બિલકુલ યોગ્ય નથી તેમજ તેવો નિર્ણય સુપ્રીમ કોર્ટે ઠરાવેલ માર્ગદર્શિકાથી પણ વિપરીત છે.

આનું મુખ્ય કારણ એ છે કે, કોઈપણ ટ્રસ્ટે પોતાની મિલકતનો પુનર્વિકાસ કે નિકાલ કરવો હોય ત્યારે તેણે તેના ઉદ્દેશ્યોની (objects) પણ મહદઅંશે પૂર્તિ થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ, એવું સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે.

એ દ્દષ્ટિએ, અત્યારે જે નિર્ણય લેવાયા છે તેમાં સાધારણ ખાતાની કલમ ૧૯(ઓ) અનુસાર ગરીબ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને પણ સસ્તા ભાડે રહેઠાણ મળવા જોઈએ તે ઉદ્દેશ્યનો હેતુ બિલ્કુલ સચવાયો નથી. જે સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાના પરિપ્રેક્ષ્યમાં વ્યાજબી નથી.

આથી આ આખી પરિસ્થિતિમાં એવો રસ્તો કાઢવો જોઈએ કે, અત્યારનાં ભાડુતોનું પુનર્વસન કર્યા પછી શેષ જે બાંધકામ ઉપલબ્ધ હોય તેમાંથી ઉપરોક્ત કલમ ૧૯(ઓ)ના ઉદ્દેશ્યો માટે પણ ઓછામાં ઓછો ૫૦% ભાગ ફાળવવો જોઈએ. સુપ્રીમ કોર્ટ સમક્ષના ઉપરોક્ત ચુકાદામાં તો ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની જમીન ડેવલપરને લીઝ પર આપેલ પણ ટ્રસ્ટના હેતુઓની બહુ ઓછા અંશે પૂર્તિ થતી હતી તે જોતાં સુપ્રીમ કોર્ટે ટ્રસ્ટીઓના તે નિર્ણયને રદબાતલ કર્યો અને વધુમાં એમ પણ ઠેરવ્યું હતું કે ચેરીટી કમીશ્નરે તેની સમક્ષ રજુ થયેલી અરજીને મંજુર કે નામંજુર કરવા સુધીનું જ કાર્યક્ષેત્ર ન ગણતાં ટ્રસ્ટના ઉદ્દેશોની વિશેષને વિશેષ પૂર્તિ થાય તેવી યોજના ઘડવી જોઈએ અને તે માટે ઓફરો મંગાવવી જોઈએ.

આમ, મારી દ્દષ્ટિએ આ રીતે ટ્રસ્ટના ઉદ્દેશોને ખ્યાલમાં રાખીને ટ્રસ્ટીઓએ જ્ઞાતિને વિશ્વાસમાં લઈ, નવેસરથી "અનંતછાયા"ના પુનર્વિકાસની યોજના સાદર કરવી જોઈએ તે જ સૌથી શ્રેયસ્કર માર્ગ છે.

"બીજો એક વિચારવા યોગ્ય મુદ્દો છે તે એ કે, ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે જે એમ.ઓ.યુ. કરેલ છે તેમાં અત્યારનાં આપણાં દેરાસરજીનું પણ વેચાણ કરાઈ રહ્યું છે તે વાત તો આપણી જ્ઞાતિની ભવ્ય ભૂતકાલીન અસ્મિતા, ગરિમા અને પરંપરાથી વિસંગત છે. ટ્રસ્ટીઓ કદાચ એમ જણાવી રહ્યા છે કે હકીકતમાં દેરાસરજીનું વેચાણ થતું નથી, કારણકે નવું દેરાસરજી બનાવવા અંગે જોગવાઈ કરેલ છે. પરંતુ કાયદાકીય રીતે તો અત્યારના દેરાસરજીનું પણ વેચાણ થાય છે તે હકીકત પણ ગંભીરતાથી લેવી જ જોઈએ. અસ્તુ.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા



# મેડીકલ કેમ્પ

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

## હાડકાના દર્દીઓ માટે

**ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર, ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.**

તારીખ : શુક્રવાર, ૨૩/૧૧/૨૦૧૨

સમય : સવારે ૧૦ થી ૫ ક.

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક**

**અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭**

**સ્થળ : શ્રી કીરીટભાઈ લાપસીયા જૈન ભવન, ચેમ્બૂર આદેશ્વરદાદા દેરાસરની પાછળ**

## કીડની, ડાયાબિટીસ તથા અન્ય બિમારી માટે

**ડાયાલીસીસ, ડાયબિટીસ તથા કેન્સર વગેરે બિમારીઓનું નિદાન**

તારીખ : શનિવાર, ૨૪/૧૧/૨૦૧૨

સમય : સવારે ૧૦ થી ૪ ક.

તારીખ : રવિવાર, ૨૫/૧૧/૨૦૧૨

સમય : સવારે ૧૦ થી ૨ ક.

**વધુ વિગત અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક**

**શ્વેતા : ૯૬૧૯૨૭૦૪૩૦**

**સ્થળ : શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર જૈન મંદિરની સામે, ૧૦ મો રોડ, ચેમ્બૂર**

**ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે. કેમ્પમાં પહોંચ્યા પછી પ્રથમ રજીસ્ટ્રેશનના હાડકાના દર્દીઓ માટે રૂા. ૫૦/- અને કીડની-ડાયાલીસીસના દર્દીઓને રૂા. ૧૦૦/- ભરવાના રહેશે. કીડની-ડાયાલીસીસ ના દર્દીઓને અપાતી દવાઈના ચાર્જ અલગથી આપવાના રહેશે.**

**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**

## સમસ્ત લાલકા પરિવાર - સેંધવા



**ચિ. અંકુર દીપક લાલકા (સેંધવા-ઇંદોર)**

ચિ. અંકુર M.B.A. થઈ હાલ પુનામાં જોબ કરે છે. તેના ઉજ્વલ ભવિષ્યની શુભકામના કરીએ છીએ.

**~ આશિર્વાદ ~**

દાદા-દાદી : **સ્વ. નવલબાઈ આણંદજી લાલકા**
(વારાપધર-સેંધવા)

નાના-નાની : **ગં. સ્વ. દમયંતિબેન મણીલાલ નાગડા**
(લાલા-ખિરકીયા)

**એવમ્ સમસ્ત લાલકા પરિવાર (સેંધવા)**

ફોનઃ 94248 25400 / (07281) 222068

## વસતીપત્રક માટે હાર્દિક અપીલ

સર્વે જ્ઞાતિજનોને આથી હાર્દિક અપીલ કરવામાં આવે છે કે, **૮મા જ્ઞાતિવસ્તીપત્રક**ના ફોર્મ ભરી મોકલવાની છેલ્લી તારીખ ૧૨-૧૧-૧૨ પુરી થઈ છે. તેમ છતાં ૫૦% જેટલા જ્ઞાતિજનોએ પોતાના ફોર્મ ભરી મોકલ્યા નથી. અગાઉ જાહેર કર્યા મુજબ ૮મા જ્ઞાતિ વસતીપત્રકમાં પ્રિન્ટીંગ પ્રક્રિયા અને ઓન લાઇન વેબ સાઈટ નિર્માણ કાર્ય ચાલુ કરતા સુધીમાં જો નવી વિગતો નહીં મળે તો ૭મા વસતીપત્રક મુજબ એ વિગતો લેવાશે જેની જવાબદારી સમયસર ફોર્મ ન મોકલનાર એ જ્ઞાતિજનોની પોતાની રહેશે. ટુંક સમયમાં કમ્પ્યુટરીકરણ કાર્ય શરૂ થઈ રહ્યું છે. આપના ફોર્મ ત્વરીત મુલુન્ડ કાર્યાલયે મોકલીને સાથ સહકાર આપશોજી.

આપને આ બાબત કોઈ પ્રશ્ન હોય કે વધુ માહિતી જોઈએ તો વસતીપત્રક સમિતિના કાર્યાલયે સંપર્ક કરશોજી.

ફોન : 09920855259/09619343793 અથવા kdovasti@gmail.com

## તંત્રી સમીપે : સમસ્ત મહાજનશ્રી ધ્યેયનિષ્ઠાને ચરિતાર્થ કરે....

"અનંતછાયા"ની સમસ્યા બાબતે, થોડા દિવસો પૂર્વે શ્રી સમસ્ત મહાજન દ્વારા નિમાયેલ તેના દશ ટ્રસ્ટીઓની સમિતિએ વિવિધ જ્ઞાતિકર્મીઓ સાથે અલગ અલગ બેઠકો યોજી તેમના વિચારો-મંતવ્યો જાણવા-સમજવાનો જે ઉપક્રમ આરંભ કર્યો છે તેને બિરદાવવાની સાથોસાથ તેનો મુખ્ય ઉદ્દેશ, કાનૂની કાર્યવાહી સમકક્ષ અધિકાર ક્ષેત્ર ધરાવતા ચેરીટી કમીશ્નર સમક્ષ કે તે પછીની સંભવિત કોર્ટ-કાર્યવાહીઓમાં "અનંતછાયા"નો પ્રશ્ન લાંબા સમય સુધી અનિશ્ચિત ન રહે અને જ્ઞાતિહિતમાં તેનો કોઈ ઉપયુક્ત ઉકેલ લાવી શકાય તે દિશામાં પ્રયત્નો કરવાનો છે. તેવી ભૂમિકાની પણ પ્રશંસા કરવી જોઈએ.

સમસ્ત મહાજનશ્રીએ છેલ્લા એકાદ વર્ષમાં જ્ઞાતિના જુદા જુદા વસતી વિસ્તારોમાં સંપર્ક સભાઓ યોજીને જ્ઞાતિજનોમાં વિશ્વસનીયતાનું સન્માનીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તે વિષે હવે બેમત ન હોઈ શકે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

આ રીતે, સમસ્ત મહાજનશ્રીના ઉક્ત ટ્રસ્ટી જુથે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ગત ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓ, ચેરીટી કમીશ્નર સમક્ષ વાંધો લેનાર એક પક્ષકાર "પ્રકાશ-સમીક્ષા"માં આ બાબતે પોતાના મંતવ્ય વ્યક્ત કરનાર લેખકો અને અન્યો સાથે વિચારવિમર્શ કર્યો છે અને હજી પણ જ્ઞાતિના અન્ય અગ્રણીઓના અભિપ્રાયો મેળવવા આગામી દશ-પંદર દિવસોમાં બીજી બેઠકો યોજવા સંનિષ્ઠપણે પ્રયત્નશીલ છે તેને કારણે જ્ઞાતિમાં ધીમે ધીમે સકારાત્મક આંદોલનો સર્જાશે તેવો આશાવાદ જરૂર રાખી શકાય પરંતુ તેની સાથે સાથે સમસ્ત મહાજનશ્રીએ, જ્ઞાતિના વિવિધ મહાજનોનું પ્રતિનિધિત્વ સાચા અર્થમાં જળવાઈ રહે અને તે રીતે સૌ જ્ઞાતિજનો સાથે મળીને નિખાલસતાથી અને પૂર્વગ્રહરહિત માનસિકતા સાથે જ્ઞાતિપ્રશ્નોના ઉકેલ લાવે તે પ્રકારનો જે તખ્તો ઊભો કર્યો છે સકારાત્મક તેની પકડ જરા પણ ઢીલી ન પડે તેની તકેદારી પણ રાખવાની જરૂર છે. આ તબક્કે એટલા માટે તે યાદ રાખવાની જરૂર છે કે "અનંતછાયા"નો પ્રશ્ન ભલે નિમિત્ત બને છે પરંતુ જ્ઞાતિનો કોઈ અન્ય પ્રશ્ન કે સમસ્યા હોય તે માટે સંબંધિત કાર્યકરો કે અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરવાની પ્રક્રિયાને લાંબો સમય વ્યાપ અપાય તો તેમાં આ પ્રકારની સકારાત્મક પકડ નિર્બળ બનવાનું જોખમ રહે છે. જે બિલકુલ અનિચ્છનીય છે.

હકીકતમાં અનંતછાયા બાબતે સમસ્ત મહાજનશ્રીએ ઉક્ત બાકીની બેઠકો કે ફોન દ્વારા દશેક દિવસોમાં જ્ઞાતિના સર્વ સંબંધિત અગ્રણીઓ, ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ કે જ્ઞાતિકર્મીઓ (મુંબઈ અને દેશાવર સહિત)ના વિચારો-મંતવ્યો જાણી લઈ આ આખી સમસ્યાનો ઉકેલ પણ લાવવો પડશે.

ચેરીટી કમીશ્નર સમક્ષની સુનાવણી હવે (૧૯-૧૧-૧૨) આખરી તબક્કામાં પ્રવેશી ચૂકી છે અને તેથી જો તે સુનાવણી પુરી થઈ જશે તો તે પછી સમસ્ત મહાજનશ્રીની ઉપરોક્ત કાર્યવાહીનો કોઈ અર્થ રહેશે નહીં. અલબત્ત, સમસ્ત મહાજનશ્રીનું ટ્રસ્ટીજુથ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને વાંધો લેનાર પક્ષકારોને વિશ્વાસમાં લઈને, ચેરીટી કમીશ્નર સમક્ષની સુનાવણી બંને પક્ષોની સંમતિથી પંદરેક દિવસ મુલતવી રાખવા પ્રયત્ન કરે તો જ્ઞાતિ માટે તેના સૂચિતાર્થો અનેક રીતે શુભકારી નીવડશે તે ચોક્કસ છે.

સમગ્ર જ્ઞાતિનો એ નિર્વિવાદ મત છે કે અન્ય પ્રશ્નોની જેમ "અનંતછાયા"ના પ્રશ્ને પણ સૌએ સાથે બેસીને તેનો ઉકેલ લાવવો જોઈએ તે સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. એટલે જ્યારે સમસ્ત મહાજનશ્રીએ આ વિચારધારાને, જ્ઞાતિના દરેકેદરેક સમસ્યા માટે અપનાવી છે ત્યારે તેને પુષ્ટ બનાવવાનો અને ભવિષ્ય માટે એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડવાનો આ એક અતિ મહત્વનો સુયોગ પ્રાપ્ત થયો છે, તે દષ્ટિએ અને જ્ઞાતિમાં સમસ્ત મહાજનશ્રીની વિશ્વનીયતા અને અસરકારકતાની કસોટી કરવાની દષ્ટિએ પણ સમસ્ત મહાજનશ્રીએ ચેરીટી કમીશ્નર સમક્ષની ઉક્ત સુનાવણી થોભાવવા બંને પક્ષોને સમજાવવા પ્રયત્ન કરવા જરૂરી છે. અને જો આવશ્યકતા ઉભી થાય તો ચેરીટી કમીશ્નર સમક્ષ

યોગ્ય રજુઆત કરી આ સુનાવણી મુલતવી રાખવા હેતુસર પણ અરજી કરતાં સમસ્ત મહાજનશ્રીએ કોઈ સંકોચ ન રાખવો જોઈએ.

કેટલેક અંશે મુઝવણમાં ને કેટલેક અંશે નિરાશામાં ગરકાવ થયેલી જ્ઞાતિ એવા સંધિકાળમાંથી પસાર થઈ રહી છે કે આ તબક્કે સમસ્ત મહાજનશ્રીએ નિષ્પક્ષતાની સાથોસાથ મક્કમતા દાખવવી જ પડશે. હવે એ સમય આવી ગયો છે કે સમસ્ત મહાજનનું કાર્યક્ષેત્ર કેવળ સંકલનલક્ષી છે તેથી વિશેષ નહીં. એ માન્યતામાંથી બહાર આવી યોગ્ય સંજોગોમાં જ્ઞાતિહિતમાં દિશાસૂચન કરવાની સાથે એક વડિલની જેમ પોતાનો નિર્ણય વેળાસર અમલમાં મૂકવાનો નિર્ધાર દાખવવાના મુખ્ય ધ્યેયબિંદુ પરથી સમસ્ત મહાજનશ્રી લક્ષ્ય હટાવી શકે જ નહીં.

અન્યથા તેનું અસ્તીત્વ એક ઠાઠ-ઠસ્સો અને દેખાડો કરવાની ચેષ્ટામાં નિમિત બનતા આભુષણ જેવું શોભાત્મક સ્વરૂપનું જ બની રહેશે.

પોતે ધ્યેયનિષ્ઠા પરત્વે પ્રતિબધ્ધ છે અને વિશાળ જ્ઞાતિહિતમાં યોગ્ય તબક્કે વિનાવિલંબે અસરકારકરીતે સક્રિય પણ થઈ શકે છે તે પુરવાર કરવાની જવાબદારી આ કટોકટીના સમયે સમસ્ત મહાજનશ્રી નિભાવશે એ અપેક્ષા વધુ પડતી નથી જ.

– ર.


ગિરીશ લોડાયા-09892019133 / 09967771141

AVSAR

CATERING SERVICES

*Simply the Best...*

**અવસર કેટરીંગ સર્વિસીસ**

કોઈપણ પ્રસંગે શ્રેષ્ઠ સ્વાદ, ઉત્તમ સર્વિસ

B-1, 505, સાઈ આશિષ, બી.આર. રોડ,
મુલુન્ડ (વે.), મુંબઈ-૮૦. ફોન : 022-21649611

શુભેચ્છા સહ...

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)





**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


## શુભ ચિંતન

*દિવાળી પર્વ એટલે પ્રભુ મહાવીરના નિર્વાણદિન પ્રભુએ અમાસની અંધારી રાતને પણ અજવાશમાં ફેરવી દીધી, એવો પ્રકાશપુંજ પથરાઈ ગયો. અજ્ઞાનનું અંધકાર દુર થયું અને સમ્યગ જ્ઞાન જ્યોતિ પ્રકાશ્યો.*

*સવંત ૨૦૬૯ની નવલી પ્રભાતે સાથે શરૂ થયેલ વર્ષ અનંત લબ્ધિનિધાન કેવલી ગૌતમસ્વામીના પાવન સ્મરણે સૌના આત્મકલ્યાણની અભિલાષા ધરતાં અને દેવ-ગુરૂની અસીમ કૃપાએ આપણાં જીવનમંદિરનો આત્મકળશ ધર્મ અને સેવા ભાવનાથી દેદીપ્યમાન બનો. સમસ્ત જ્ઞાતિની સર્વથા પ્રગતિ થાઓ. સૌનું કલ્યાણ-મંગલ થાઓ. સૌને નવું વર્ષ સર્વથા સુખ-શાંતિ-સમૃધ્ધિદાયી અને શુકનવંતુ બની રહો એજ હાર્દિક શુભકામનાઓ. સૌને અમારા સાલ મુબારક. નવલા વર્ષનાં સંકલ્પમાં જ્ઞાતિ પ્રગતિના કાર્યોમાં રચનાત્મક સહયોગ આપી આત્મજાગૃતિ કેળવીએ એજ ભાવના...*

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ સંચાલિત

KDO
દશાઓની નવી દિશા

# શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

HEALTH WEALTH

નૂતન વર્ષની શુભ કામનાઓ સાથે, આપ સર્વે જ્ઞાતિજનોનું નવું વર્ષ ખુબજ સુખમય, સમૃધ્ધિવાળું અને સ્વસ્થ રહે એજ અભ્યર્થના સહ...

## આ વર્ષની ટ્રસ્ટની પ્રવૃતિઓ...

- "સંગીતથી સ્વાસ્થ્ય સુધાર" સન્મુખાનંદ હોલમાં આપેલ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ જેને ઉમળકાભેર આવકાર.
- મેડીક્લેઇમ પોલીસીમાં લગભગ ૪૫૦ કુટુંબોને આવરી, ₹૪.૫૦ કરોડનું વીમાકવચ. લગભગ રૂા.૭ લાખનું પ્રિમીયમ ટ્રસ્ટ તરફથી ભરાય છે.
- મેડીકલ ખર્ચ પેટે આવેલ અરજીઓને લગભગ ૮ લાખની સહાય.
- જ્ઞાતિના ડોક્ટર્સ અને મેડીકો વ્યવસાયિકોની ડીરેક્ટરીનું પ્રકાશન.
- અનંતસિધ્ધિ સંકુલ, ભાંડુપ (વે), મુંબઈમાં અદ્યતન ડાયગ્નોસ્ટીક સેન્ટર સ્થાપવા માટે પ્રયાસ.

## નમ્ર અપીલ



આપ સર્વેના સહકાર થકી ૧૦૦% ક.દ.ઓ. જ્ઞાતિને મેડીકલ વીમા કવરેજમાં આવરી લેવા ખાસ અભિયાન શરૂ કરેલ છે. જો આપશ્રીએ હજી સુધી મેડીક્લેઈમ પોલીસી ન કઢાવી હોય તો આજે જ મુંબઈ મહાજનશ્રીના કાર્યાલયેથી એ માટેનું અરજીપત્રક (Form) લઈ સંપુર્ણપણે ભરીને તાબડતોબ પરત કરશોજી. શક્ય હોય તો સંપુર્ણ પ્રિમીયમ ભરીને કે જરૂરત મુજબ સહાય લઈ પોલીસી કઢાવો. આપ, આપને એ કુટુંબને ભવિષ્યમાં આવતા ડોક્ટરી ખર્ચાથી બચી આત્મસન્માનથી રહી શકશો. કેમકે આ પોલીસી આપની પાસેજ રહેશે અને તમારેજ મેડીક્લેમ કરવાનો રહેશે.

બિમારી ક્યારે પણ કોઇને કહીને આવતી નથી તેથી આપનું અને આપના કુટુંબનું **સુરક્ષા કવચ** હોવું અત્યંત જરૂરી છે.

આજના ટેન્શન યુગમાં આપણે ન ઇચ્છીએ તો પણ બિમારીના શિકાર બની જઈએ છીએ અને ન ધારેલા ખર્ચા કરવા પડે છે. આ ખર્ચના ઉકેલ માટે મેડીક્લેમ પોલીસી સિવાય કોઈજ પર્યાય નથી. આપને ટ્રસ્ટ દ્વારા સંપુર્ણ સહકાર મળશે માટે આજે જ ગંભીરરીતે વિચારી મેડીક્લેમ પોલીસી કઢાવો. **"100% KDO UNDER MEDICLAIM POLICY"**ના અભિયાનમાં જોડાઈ આપ પોતાને ગર્વશાળી બનાવો અને *દશાઓની નવી દિશા* સમાજ સમક્ષ રજુ કરો.

## *શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ*

## તપોવન : સમાજસેવાનું મંદિર

વૃધ્ધાશ્રમમાં ક્યારેક દિકરા અને વહુના ત્રાસથી કંટાળીને વડીલો આશ્રમમાં જઈને રહે છે અથવા ઘરનાંજ એમને ત્યાં મૂકી આવે છે. આ વાતને હવે ભુલાવી દેવી યોગ્ય છે. એક કહેવત છે કે "તાળી બે હાથે વાગે". સામાન્યતઃ દોષ વહુ-દિકરાને આપવામાં આવે છે. સિક્કાની બીજી બાજુ પણ જોવી જરૂરી છે.

હાળમાં જ નાશીક જવાનું થયું ત્યાં પંચવટી એરિયામાં **તપોવન આશ્રમ** છે. ત્યાં અમારા પારિવારિક સભ્ય જેવા કાક-કાકીને અને મળવા ગયા. અમે ધારીને ફક્ત ૧૦ મીનીટ માટે ગયેલા પણ ત્યાં અમને એક કલાક પણ ઓછો પડ્યો!

પ્રકૃતિના રમ્ય વાતાવરણમાં ખુબ મોટી ઈમારત બાંધેળી છે. ચારે તરફ હરીયાલી હતી. અમને ત્યાંની અનેક વાતો જાણવા મળી. ત્યાં એક બહેન રહે છે. જે કરોડપતિ છે તેમના બે દિકરા ફોરેનમાં રેહ છે. બંગલામાં એકલા રહેવા કરતા આશ્રમમાં રહેવું સારું એમ વિચારીને બહેન ત્યાં રહેવા આવ્યા છે.

એક પતિ-પત્નિ તેમની બે દીકરીઓ પરણીને સાસરે ગઈ, એકલા, રહેવામાં તકલીફો અનેક હતી એટલે તે લોકો આશ્રમમાં રહે છે. મુંબઈમાં નાના રૂમ હોવાથી એક બુઝુર્ગ અહીં આશ્રમમાં આવીને રહે છે.

ઘણી બહેનોને ઘર સંભાળવાની તકલીફ હોય છે. વહુ-દિકરા નોકરી કરે, સવારે જાય તો મોડી સાંજે કે રાતે પાછા ફરે, આખી જીદંગી કામ કર્યા પછી વહુ-દિકરાની સેવા કરવું એ એમને ગમતું નથી એટલે આશ્રમમાં આવીને શાંતિથી જીવન વિતાવે છે.

મુંબઈ જેવા ઘમાલીયા શહેરમાં રહેવા કરતા પ્રકૃતિના શાંત વાતાવરણમાં નિવૃતિ સમય વિતાવવા અહિં વૃધ્ધો આવીને રહે છે. આમ અનેકોને અલગ અલગ કારણ છે. તો ઘણાં વૃધ્ધો સ્વેચ્છાએ આવીને અહીં રહે છે.

અહીં એક સત્સંગ ભવન છે, જ્યાં સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી રામ-રક્ષા, સ્તુતિ, ધુન થાય છે. સવારે ૫.૩૦ના ગરમ પાણી ચાલુ થઈ જાય. સવારે ૫.૩૦થી ૬ વાગ્યા સુધીમાં રૂમમાં ગરમાગરમ ચાય પહોંચી જાય. ૯.૩૦ના ગરમ નાસ્તો મળે. સાતે દિવસની અલગઅલગ વાનગીઓ, દુધ અગર વેચાતું જોઈએ તો પણ ફક્ત રૂા.૨નું કુપન કાઢવું પડે.

૧૧.૩૦ થી ૧૨.૩૦ સુધી જમવાનું થાય. વિશાળ ભોજનશાળા છે. જ્યાં વૃધ્ધો જાતે ચાલીને ભોજનશાળા સુધી જઈ શકે છે. ફક્ત એવા વૃધોને જ અહિ રાખવામાં આવે છે. અપંગ વૃધ્ધોની સેવા માટે એમની પાસે સ્ટાફ નથી.

૧૨.૩૦ થી ૩.૩૦ સુધી આરામ કરવા માટે સમય મળે. ૩.૩૦ વાગે ફરી રૂમ પર ચા મળે. સાંજે ૫.૩૦ થી ફરી સત્સંગ થાય જેમાં ભાગવત, રામાયણ, મહાભારતની ધાર્મિક કથાઓ થાય. આ આશ્રમમાં બધી જ્ઞાતિના લોકો રહે છે. નાત-જાત ધર્મના ભેદભાવ વિના.

અહિં કોમન રૂમમાં એક ટી.વી. જોવા મળે છે. લાયબ્રેરી છે. ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી સમાચાર પત્રો અને વિવિધ મેગેજીનો વાંચવા મળે છે.

બે કલાક માટે બહાર જઈને ફરવાની છુટ્ટી પણ મળે છે. સાંજે ૭.૩૦ના જમવાનું મળે છે.

અઠવાડીયામાં ત્રણ વખત ડૉક્ટર આવે. તપાસી જાય અને જનરલ દવાઓ સાત દિવસની ફક્ત રૂ.પાંચ માં અપાય છે. ઘરમાં કોઈ પ્રસંગ હોય અને નિમંત્રણ મળે તો વૃધ્ધો ત્યાં પણ જઈ શકે છે.

આશ્રમની વિશેષતા છે કે પ્રતિ વ્યક્તિ રૂા.૭૫૦ માસિક આપાવના છે. જેમાં બે ટાઇમની ચા, એક ટાઇમ નાસ્તો, બે ટાઇમ જમવાનું તથા રહેવાનું મળે છે. રૂ.૧૦,૦૦૦/- ડિપોજીટ ભરવાની હોય છે. મુંબઈમાં વરલીમાં તેની ઓફીસ છે. આ એક ખાનગી ટ્રસ્ટ છે. તેને સરકારી સબસીડી નથી. આશ્રમમાં ખુબ મોટી બિમારી હોય એવા લોકોને એડમીશન મળતું નથી.

આજે તો આપણે હોટલમાં જઈએ તો એક વખત નું જમવાનું બિલ રૂ.૫૦૦ થી ૭૦૦ થઈ જાય કે એક રૂમનું એક દિવસનું ભાડું પણ રૂ.૫૦૦-૭૦૦ થઈ જાય!

બે બહેનો છે જે નાની ઉંમરની છે જે આ આશ્રમનું સંચાલન કરે છે. રૂમમાં સવાર-સાંજ બે વખત ઝાડુ-પુછણાં થાય. રૂમની અંદર સંડાસ-બાથરૂમ સહિત બીજી બધી સુવિધાઓ છે. આશ્રમમાં ખુબજ સાફસફાઈ હતી. દર ત્રીજા મહિને ત્યાંના ગાદલા તડકામાં સુકવવામાં આવે છે.

ક્યાંક ઓછા પગારવાળા વહુ-દિકરા અથવા દિકરી-જમાઈ જે પોતાના વૃધ્ધ વડિલોનું પાલન નથી કરી શકતા તે લોકો દર મહિને રૂ.૭૫૦ તો આરામથી ખર્ચ કરી શકે.

કચ્છી લોહાણા જ્ઞાતિના શેઠ ડુંગરશી નાગજી ટ્રસ્ટના નામે આ સંસ્થા ચાલે છે. અહીં વડિલો પાસેથી કોઈ પણ પ્રકારના કામ લેવામાં આવતા નથી. ઘણાં વૃધ્ધો એવા છે જે રૂા.૭૫૦ પણ ભરી નથી શકતા તો એમના કોઈ સંબંધી ભરે છે.

આજના યુગમાં બધાને સ્વતંત્રતા જોઈએ છે તો વૃદ્ધાવસ્થામાં સમવયના વૃધ્ધો સાથે મનની વાતો કહેવા આ એક સારું સ્થળ છે.

*- સૌ. પુનમબેન પ્રફુલ મોમાયા (નાગપુર)*

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી અંબામાતાય નમઃ॥ ॥ શ્રી ભલારાદાદાય નમઃ॥



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની સમુહ પહેડી તપસ્વી બહુમાન તેમજ સ્નેહ-મિલન

**સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની સમુહ પહેડીનું આયોજન સંવત ૨૦૬૯ માગશર સુદ ૪ ને રવિવાર, તા. ૧૬/૧૨/૨૦૧૨ નાં શુભ દિને કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વે છેડા ગોત્રના ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.**

## ◈ શુભ સ્થળ ◈

**શ્રી જીવરાજ ભાણજી હૉલ,** અશોકનગર, નાહુર રોડ, મેહુલ સિનેમાની નજીક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦.

## ◈ કાર્યક્રમ ◈

● **માતાજીની છબીની સ્થાપના** : સવારના ૯.૧૫ કલાકે ● **ભક્તિ સંગીતણ** : સવારના ૯.૩૦ કલાકથી
● **પહેડી પ્રસાદ** : સવારના ૧૧.૧૫ કલાકથી ● **ઉત્થાપન** : બપોરના ૨.૩૦ કલાકથી
● **રંગોળી અને ગહૂલી હરિફાઈ** : બપોરના ૨ થી ૩.૩૦ સુધી
● **વેશભુષા અને સાંસ્કૃતિક કાર્યક્રમ** : બપોરના ૪.૦૦ થી ૬.૦૦ કલાક સુધી
● **તપસ્વી બહુમાન** : સાંજના ૬.૦૦ કલાકથી ● **બાળકોનું સરસ્વતી સન્માન** : સાંજના ૬.૩૦ કલાકથી
● **ભોજન** : રાત્રે ૮.૦૦ કલાકથી

## : ખાસ નોંધ :

૧) પહેડી દરમ્યાન કાળા વસ્ત્રોમાં ન આવવા આપને નમ્ર વિનંતી છે.

**૨) સર્વે ભાવિકોને ખાસ વિનંતી કે સમયસર પધારી વિધિ વિધાન, ભક્તિ સંગીત તથા પ્રસાદનો લાભ લેવા વિનંતી. (સમયસર ન આવનારા ભાવિકોને કારણે કાર્યક્રમ મોડો ઠેલવો પડે તો તે આશાતના જ ગણાય એ વાત ભૂલશો નહીં.)**

૩) નિયાણીઓને સહપરિવાર નિમંત્રણ છે. આપના કુટુંબની નિયાણીઓને આ પેડીનો સંદેશ આપી એને જરૂરથી સહકુટુંબ તેડી લાવવાની જવાબદારી આપની છે એ ભૂલશો નહીં. સહકુટુંબની આ વ્યાખ્યામાં નિયાણીના પરણિત સંતાન ગણવા નહીં.

૪) આ વર્ષે આપણે આરતી તેમજ ગહૂલી હરિફાઈનું જે આયોજન કર્યું છે તેમાં જેપણ ભાગ લેવા માગતું હોય તેમણે પોતાના ઘરેથી આરતી શણગારી લાવવી અને બપોરના ૨.૦૦ વાગ્યા સુધી સ્વયંસેવકોને સુપ્રત કરવા વિનંતી. ગહૂલી હરીફાઈ માટે અક્ષત તેમજ અન્ય એમની જરૂરીયાત પ્રમાણેની સામગ્રી તેઓ ઘરેથી લઈ આવે.

૫) આ વર્ષે આપણાં ભુલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો જે પણ ભાઈઓ તેમજ બહેનોને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગીત, સંગીત, મિમીક્રી, વિનોદી ટુચકામાં ભાગ લેવો હોય તો તેઓ કાર્યકરોને સંપર્ક કરી તેમના નામ તેમજ તેમની આઈટમની જાણ કરે.

૬) આ વર્ષે બહારગામથી આવનાર ભાઈઓ-બહેનો માટે રહેવાની સ્વતંત્ર યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૭) જેમને પણ અઠ્ઠાઈ (૮) કે તેથી વધુ ઉપવાસ કર્યા હોય તેમના નામો ૩૦-૧૧-૨૦૧૨ સુધી કાર્યકરો ભાઈઓને લખાવી દો.

૮) છેડા ગોત્રના બાળકો તેમજ નીયાણીઓના દીકરા દિકરીઓ જેમણે શાળામાં ૧થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓએ તેમની તેમણે માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૩૦-૧૧-૨૦૧૨ સુધી અમારા નીચે જણાવેલ કાર્યકરો પાસે પહોંચાડવી.

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

## વધુ વિગત માટે સંપર્ક સાધો

દામજી ચાંપશી છેડા - મુલુંડ : ૯૩૨૩૮૬૫૦૩૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | : ૯૮૧૯૫૫૬૭૬૭ | હંસકુમાર લક્ષ્મીચંદ છેડા | ભાંડુપ | : ૨૫૬૧૯૬૫૦ |
| લહેરચંદ કુંવરજી છેડા | ઘાટકોપર | : ૯૨૨૪૨૪૮૯૭૧ | નરેશ પ્રેમચંદ પદમશી છેડા | માટુંગા | : ૨૪૦૨૬૬૦૮ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | : ૯૩૨૧૪૭૮૨૭૦ | વિજય નવિનચંદ્ર છેડા | ભાંડુપ | : ૯૯૨૦૬૪૦૦૬૩ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | : ૨૫૬૮૬૪૬૮ | કિશોર શામજી છેડા | ઘાટકોપર | : ૨૫૦૬૯૭૧૭ |
| તુષાર નરશી છેડા | મુલુંડ | : ૯૮૩૩૯૭૯૮૭૪ | પ્રેમચંદ ઠાકરશી છેડા | મુલુંડ | : ૨૫૬૯૨૯૬૦ |
| હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | : ૯૩૨૧૩૭૮૯૯૯ | નેહુલ ચીમનલાલ છેડા | ઘાટકોપર | : ૯૩૨૪૬૫૩૫૩૬ |
| વીરચંદ પાશ્વીર છેડા | ડોંબિવલી | : ૯૮૩૩૫૬૫૮૬૪ | કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | : ૯૮૧૯૯૧૯૭૮૩ |
| ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | : ૯૮૩૩૫૯૭૪૬૫ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | : ૯૩૨૦૨૧૮૪૦૫ |

# ભાવભીની શ્રધ્ધાંજલિ

જીંદગીના ઝેરને પણ અમૃત માની પી ગયા,
કાંટા વચ્ચે પણ ફુલોની જેમ મહેકી ગયા,
મોત એને ભલા શું મારી શકે ?
જે હજારો, લાખો લોકોના દિલમાં પ્યારથી જીવી ગયા...



(રંગપુર-ડોંબિવલી)



**સ્વ. શ્રી કાંતિલાલ કરમશી નાગડા**
અરીહંતશરણ : ૯-૧૧-૨૦૧૧

**સ્વ. વિજયાબેન કાંતિલાલ નાગડા**
અરીહંતશરણ : ૯-૧૧-૨૦૦૬

નંદનવન સમા પરિવારમાં પારિજાતનો પમરાટ પ્રસરાવી, સંસારયાત્રામાં સ્નેહના મધુર સુર સર્જી જીવન સંગીતથી મધુરતા રેલાવી, પરિવારના બાગબાન અને તમારી હયાતીમાં ખીલવી, ઉતમ કોટીના સ્વભાવ વડે, સૌના દિલમાં સ્થાન પામી તમે ચાલ્યા અનંતની યાત્રાએ. આપના આત્માને પરમ પદની પ્રાપ્તી થાઓ એવી પ્રાર્થના સાથે સ્નેહભીના શ્રધ્ધાસુમન અર્પણ....

**આપના પરિવારજનો**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુઓ | : | **અ.સૌ. ભાવના નરેશ નાગડા** |
| | | **અ.સૌ. ભાવીની અનિલ નાગડા** |
| | | **અ.સૌ. હીના ચંદ્રેશ નાગડા** |
| દીકરી-જમાઈ | : | **અલ્પા મહેશ શીયાડ** |
| બેન-બનેવી | : | **કસ્તુરબેન હેમરાજ લોડાયા** |
| | | **લીલબાઈ દામજી લોડાયા** |
| સાસુ-સસરા | : | **શા. પદમશી રૂપશી ઘરમશી પરિવાર** |
| પોત્ર-પોત્રી | : | **સંકેત, રચીત, નીહાર, દર્શીત, સૌમ્ય અને રાશી** |

*ના ચિઠ્ઠી, ના સંદેશ... ન જાને કૌનસા વો દેશ?*
*જહાં આપ ચલે ગયે...!*

**શુભચિંતક : દિનેશ કેશવજી લોડાયા**
(મોટીખાવડી-ડોંબિવલી)

## ત્રીજી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૩૦-૮-૧૯૩૧



અરીહંતશરણ
તા.૯-૧૧-૨૦૦૯

**સ્વ.શા.ચીમનલાલ મુલજી સોની**
**(વાંકુ-બાગલકોટ)**

આંખના પલકારાની જેમ આપની શીતળ છત્રછાયા અને સ્નેહાળ સંગાથ ગુમાવ્યાને ત્રણ વર્ષ વીતી ગયા છતાંય આપની દિવ્ય સ્મૃતિઓ પ્રસંગે પ્રસંગે યાદ આવે છે અને આંખો ભિંજાય છે. આપનો દિવ્ય આત્મા શાશ્વત સુખમાં રહે એજ પ્રભુને પ્રાર્થના અને નતમસ્તકે શ્રધ્ધાંજલિ આપની અમર સ્મૃતિમાં...

જીવનસાથી : **ગં. સ્વ. ચંદનબેન ચીમનલાલ સોની**
પુત્રવધુ-પુત્ર : **સૌ. વર્ષા ગુલાબચંદ સોની**
પૌત્ર-પૌત્રી : **ધર્મેશ-ખુશાલી**
દીકરી-જમાઈ : **સૌ. રેખા ભરત ખોના** (જલગામ)
દીકરી : **પુષ્પા ચીમનલાલ સોની**

## સાલ મુબારક

અમારા પૂજ્ય ભાઈઓ, બહેનો, દીકરીઓ, જમાઈઓ, સગાં-સંબંધીઓ, સ્નેહીઓ, મિત્રો અને શ્રી ભલારદાદાના પરિવારજનો તથા ગુરૂ ભગવંતો, યતિશ્રી મોતીસાગરજી મ.સા. બધાને અમારા સાલ મુબારક...



~ શુભેચ્છક ~

**સ્વ.શા.આણંદજી શીવજી લોડાયા પરિવાર**
**સ્વ.શા. જીવરાજ આણંદજી લોડાયા**
**સ્વ.શા. ખીમજી આણંદજી લોડાયા**
**સ્વ.શા. રતિલાલ આણંદજી લોડાયા**
**શા. નવીનચંદ્ર આણંદજી લોડાયા**
(અમદાવાદ તથા નાસીક)

।। જય શ્રી સચ્ચા માતાય નમઃ ।।

## નુતન વર્ષાભિનંદન

**સેવક ભરૂડીયા (હાલાર)મધ્યે બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચામાતાજીની**

**આઠમી પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા સ્નેહ ઝરતું ભાવભર્યું આમંત્રણ**

કુળદેવી શ્રી સચ્ચામાતાજીની વરસી રહેલી અસીમ કૃપા તેમજ આપ સૌના સાથ સહકારથી શ્રી સચ્ચામા દંડ પરિવાર દર વર્ષે સફળતાપૂર્વક પહેડી ઉજવે છે. તો આ વર્ષે પણ આઠમી પહેડી તથા સ્નેહમિલનનું મંગલકારી ભવ્ય પ્રસંગનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમ : રવિવાર તા.૨૦-૧-૨૦૧૩ (તીથી-પોષ સુદ ૯) સમય : સવારે ૮.૩૦થી સાંજે ૯.૩૦ સુધી**
**શુભ સ્થળ : જૈનમ ક્લાસીક (એ.સી.) હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮**

આ શુભ પહેડી પ્રસંગે શ્રી સચ્ચામાને નમતા **સમસ્ત હાલારના દંડ પવિારના ભાવિકો તેમજ નિયાણી બહેનો દિકરીઓને સહપરિવાર** પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા દાતાશ્રી પરિવાર તરફથી **હેતભર્યુ આમંત્રણ** છે. આપણે સહુ સાથે મળી પ્રેમથી, ઉત્સાહથી આ શુભ પ્રસંગને અનમોલ રીતે ભક્તિગીત તથા રાસ-ગરબાની રમઝટ સાથે દીપાવવાનો છે.

સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો અમૂલ્ય લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર
**દાદીમા : દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સે. ભરૂડીયા) નાનીમા : દેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી)**
**હસ્તે માતુશ્રી તારાબેન કુંવરજી દંડ અને અ.સૌ. કલ્પના મનોજ દંડ**

આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત અથવા સમુહમાં કાર્યક્રમ આપવાની ઈચ્છા હોય તો તેમણે તા.૫-૧-૧૩ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે નીચે આપેલ કાર્યકરોને જાણ કરવા વિનંતી :

**મનોજ કુંવરજી દંડ**-9821334417 ● **મયુર સુરેશ દંડ**-9819663555 ● **પંકજ પ્રવિણ દંડ**-9004841222
**ચંદ્રેશ જયંતીલાલ દંડ**-9821754770 ● **નીલેશ ધનકુમાર દંડ**-9821402770
● **અલ્પેશ ગિરીસ દંડ**-9820057598 ● **ચેતન પ્રવિણ દંડ**-9821350952

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેનો/દિકરીઓના એડ્રેસ બદલાયા હોય અથવા આમંત્રણપત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.

**શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી**

## ધર્મ-પ્રકાશ : સાધુનું અલંકાર – સમતા

– ડો. રશ્મિભાઈ ઝવેરી

*"સમતા ધમ્મુદાહરે મુણીઃ"*

અર્થાત્ મુનિ સમતા ધર્મનું નિરૂપણ કરે. સૂત્રકૃતાંગ સૂત્રના બીજા અધ્યયન "વૈતાલીય" નામના બીજા ઉદ્દેશમાં અહંકાર (મદ) વિસર્જનના ઉપાયો તથા ઇન્દ્રિય-વિષયોની અનિત્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આમાં સમતાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. (૨૮મો શ્લોક છે.)

*"પણ્ણ સમત્તે સયા જએ,*
*સમતા ધમ્મમુદાહરે મુણી ।*
*સુહુમે ઉ સયા અલુસએ,*
*ણો કુજ્ઝે ણો માણિ માહણે ।।"*

અર્થાત્ કુશળ પ્રજ્ઞાવાળા અને સદા અપ્રમત મુનિ સમતાધર્મનું નિરૂપણ કરે. એવા સૂક્ષ્મદર્શી મુનિ ધર્મકથામાં સદા અહિંસક રહે - કોઈને બાધા ન પહોંચાડે - એ ન તો ક્રોધ કરે કે ન માન કરે.

જેની પ્રજ્ઞા કુશળ હોય છે અને જે જ્ઞાનવાન, અપ્રમત્ત અને સૂક્ષ્મદર્શી હોય છે એવા મુનિ સમતામય હોય છે. એમને જ વૈરાગ્યપુર્ણ અને તાત્ત્વિક એમ બન્ને પ્રકારની ધર્મકથા કરવાનો અધિકાર હોય છે. જે સ્વયં પ્રમત્ત અથવા અસંયમી હોય છે એ બીજાને અપ્રમાદનો ઉપદેશ આપી શકે નહીં.

જે સમતાધર્મની વ્યાખ્યા-પ્રરૂપણા કરે છે એને માટે "અલૂસક" અર્થાત્ અહિંસક હોવું જરૂરી છે, કારણકે એ કોઈને કોઈ પણ પ્રકારની પીડા-બાધા-વ્યથા નથી પહોંચાડતા.

સમભાવ-સમતા-સંયમ એ તો વીતરાગતાની સાધનાનો ખરો માર્ગ છે. સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન, હર્ષ-શોક, અનુકૂળતા-પ્રતિકૂળતા, ઠંડી ગરમી આદિ દ્વન્દ્વોમાં સમતા રાખીને જ સાધનાના માર્ગે આગળ વધી શકાય છે. રાગ-દ્વેષ રહિત વ્યવહારથી સમતાની સાધના કરી શકાય છે. ૨૨ પરિષહો સમતાથી સહન કરે એ જ સાધક બની શકે છે.

આટલી પ્રસ્તાવના પછી સાધુજીવનની મર્યાદાઓ વિષે ચર્ચા કરીએ. સૌ પ્રથમ તો "સાધુ" કોને કહેવાય તે જોઈએ. આજીવન સામાયિક અંગીકાર કરી, સર્વ પ્રકારના આશ્રવો અને પાપકર્મનો ત્યાગ કરે એને ભગવાન મહાવીરે સાધુ કહ્યા છે. બીજા શબ્દોમાં જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગથી આરાધના કરે તે સાધુ કહેવાય.

આ પરથી સાધુજીવનની નીચે પ્રમાણે મર્યાદાઓ ફલિત થાય છે (૧) સૌથી મહત્ત્વની મર્યાદા છે કે સાધુ કોઈ પણ પ્રકારના ત્રસ અથવા સ્થાવર જીવની હત્યા કરે નહીં, કરાવે નહીં અને આવી હત્યાની અનુમોદના કરે નહીં. મનનથી, વચનથી અને કાયાથી, આમાં સૂક્ષ્મતમ મર્યાદા પણ આવી જાય છે કે સાધુ મનથી પણ કોઈ જીવને કોઈ પણ પ્રકારનું દુઃખ, ત્રાસ, કિલામના કે પીડા ન પહોંચાડે. આચારંગ સૂત્રના "શસ્ત્રપરિજ્ઞા" નામના પ્રથમ અધ્યયનમાં છ કાયના જીવોનું સૂક્ષ્મ પ્રતિપાદન છે, તેનું જ્ઞાન પ્રત્યેક સાધુને હોવું જરૂરી છે તો જ પ્રથમ મહાવ્રતની મર્યાદાઓનું પાલન થઈ શકે.

(૨) બીજી મર્યાદા છે સાધુ આજીવન જુઠું બોલે નહીં. (ત્રણ કરણ ત્રણ યોગથી) આ વ્રતમાં વાણી સંયમની-વચનની મર્યાદાઓ આવી જાય છે, જેમ કે સત્યવચન પણ જો સાવદ્ય (પાપકારી) હોય તો તે પણ સાધુથી ન બોલાય.

(૩) ત્રીજી મર્યાદા છે અસ્તેયવ્રતની, માલિકની રજા વગર અથવા માલિકના આપ્યા વગર એની નાનામાં નાની વસ્તુનો પણ ઉપયોગ ન કરવો એ સાધુજીવનની અગત્યની મર્યાદા છે.

(૪) ચોથું સંપૂર્ણ બ્રહ્મચર્યપાલન જેને માટે સાધુજીવનમાં "નવ વાડ" સહિત અનેક મર્યાદાઓનું પાલન કરવું આવશ્યક છે. વિષય-વાસના અને કામ-ભોગની વૃત્તિ-પ્રવૃત્તિ પર જીવનભર સંયમરૂપી-અંકુશરૂપી મર્યાદાઓ સાધુજીવન માટે અનિવાર્ય છે. આ અત્યંત કઠિન મર્યાદા છે. જૈન સાધુ દીક્ષા લીધા પછી આજીવન મન-વચન-કર્મણા બ્રહ્મચર્યની મર્યાદાનું ઉલ્લંઘન નથી કરતા.

(૫) સાધુજીવનની પાંચમી મર્યાદા છે સર્વ પ્રકારના બાહ્ય અને આંતરિક પરિગ્રહનો જીવનભર ત્યાગ. સાધુનું નામ જ છે અકિંચન. દશવૈકાલિકમાં સાધુ માટે "મુત્તા" મુક્ત શબ્દનો પ્રયોગ થયો છે. એનો અર્થ એ જ છે- પરિગ્રહથી મુક્ત "મુક્તા બાહ્યાભ્યંતરેણ ગ્રંથેન" (દશ. નિર્યુક્તિ, ગાથા-૧૫૪) ભગવાન મહાવીરની ભાષામાં વસ્ત્ર, પાત્ર આદિ પરિગ્રહ નથી, પણ એમાં મૂર્ચ્છા - મમત્વભાવ રાખવો એ પરિગ્રહ છે. (દશ ૬/૨૦)

દશ વૈકાલિક સુત્રના ત્રીજા અધ્યયન "ક્ષુલ્લક આચારકથા" અને છઠ્ઠા અધ્યયન "મહાચાર કથા"માં

સાધુઓની આ મર્યાદાઓનું વિસ્તારથી વર્ણન છે. આ મૂળભૂત મર્યાદાઓ ઉપરાંત સાધુજીવન માટે બીજી અનેક મર્યાદાઓ છે. એમાંથી મુખ્ય છે-**રાત્રિભોજન ત્યાગ**, સાધુ માટે ચારેય પ્રકારનો આહાર સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી વર્જિત છે. (દશ. ૬/૨૫). આમરણાંત કષ્ટમાં પણ સાધુ રાતના પાણી-દવા કંઈ જ ન લઈ શકે. આ મર્યાદાનું જીવનભર પાલન કરવાનું છે.

ઉપરના પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન વિરતિની મર્યાદાઓ દશ વૈકાલિક સુત્રના ચોથા અધ્યયન "છજજીવણિયા"માં દર્શાવવામાં આવી છે.

આ શાસ્ત્રીય મર્યાદાઓની રક્ષા માટે અને એમાં સહાયભૂત થવા માટે આઠ પ્રવચનમાતાનો પણ આગમોમાં ઉલ્લેખ છે. આ આઠ પ્રવચનમાતા છે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. પાંચ સમિતિ ઈર્યા, ભાષા, એષણા, આદાન (દૈનિક વ્યવહારમાં આવનારા પદાર્થોના વ્યવહાર સંબંધી અહિંસાનો વિવેક) અને ઉત્સર્ગ સમિતિ (મળ, મૂત્ર, પ્રસવણ, શ્લેષ્મ,મેલ વગેરેના ઉત્સર્ગમાં અહિંસાનો વિવેક)

ત્રણ ગુપ્તિ - મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ અસત્ ચિંતન,અસત્ વાણી અને અસત્ પ્રવૃત્તિમાંથી બચાવ કરવાની મર્યાદાઓને ત્રિગુપ્તિ કહેવાય છે. મનુષ્યની કોઈ પણ જાતની ક્રિયા માટે આ ત્રણ જ સાધનો-વિચાર, વાણી અને વર્તન ખૂબ જ અગત્યના છે. સાધુજીવન માટે આ ત્રણે પર સંપૂર્ણ સંયમ રાખવાની મર્યાદા બહુજ અગત્યની છે.

ચારિત્રની પ્રત્યેક પ્રવૃત્તિ માટે પાંચ સમિતિની અને અશુભ વિષયોમાંથી નિવૃત્તિ માટે ત્રણ ગુપ્તિની મર્યાદાઓ ઉત્તરાધ્યયન. સૂત્રના "પ્રવચનમાતા" નામના ૩૪મા અધ્યનમાં બતાવવામાં આવી છે. એ જ સૂત્ર (૨૯/૫૪-૫૬)માં કહ્યું છે ભાવ, અધ્યાત્મ યોગ અને કાયિક સ્થિરતા માટે ત્રણેય ગુપ્તિની મર્યાદાઓ આવશ્યક છે.

હવે સાધુજીવનની ભિક્ષા ગ્રહણ કરવાની તથા ભોજન કરવાની અગત્યની મર્યાદાઓ વિષે ચર્ચા કરીએ. સાધુ પણ આખરે મનુષ્ય છે, એને પણ જીવન ટકાવવા આહાર-પાણી આદિની જરૂર પડે છે, પણ મહાવ્રતોના રક્ષણ માટે સાધુ સ્વયં ભોજન બનાવવાની કોઈ ક્રિયા કરી શકતા નથી. શુદ્ધ આહાર-પાણીની ભિક્ષાના નિયમોને એષણા સમિતિ કહે છે. ભિક્ષા લેવાની પ્રવૃત્તિને ગૌચરી કહેવામાં આવે છે. જેમ ગાય થોડું થોડું ઉપરનું ઘાસ ચરે છે, પણ મૂળમાંથી ઉખાડી નાખતી નથી, એમ સાધુ પણ વિવિધ ઘરોમાંથી અલ્પ પ્રમાણમાં ભિક્ષા માગી શકે છે. દશ વૈકાલિક સૂત્રમાં પ્રથમ અધ્યાયની ૨-૬ ગાથાઓમાં ભિક્ષાવિધિને ભમરાની જેમ ફૂલોમાંથી રસ ગ્રહણ કરવાની વૃત્તિ સાથે સરખાવી છે. આમાંથી નીચેની મર્યાદાઓ ફલિત થાય છે.

(૧) **"આવિયઈ"** ભમરાની જેમ દરેક ઘરેથી મર્યાદાપૂર્વક - થોડું થોડું ગ્રહણ કરે.

(૨) **"ન ય કિલામેઇ"** જેમ ભમરો ફૂલના રૂપ, વર્ણ, ગંધને હાનિ નથી પહોંચાડતો એમ શ્રમણ પણ કોઈ પણ ગૃહસ્થને ખિન્ન કર્યા વગર પ્રસન્ન મનથી જેટલું આપે તેટલું જ લે.

(૩) **"દાણ ભત્ત"** દાનભક્ત-શ્રમણ દત્તભક્તની ગવેષણા કરે. અહિંસાનાં અને અસ્તેયનાં મહાવ્રતોની રક્ષા માટે સાધુજીવનની મર્યાદા છે કે ગૃહસ્થના ઘરમાં ગૃહસ્થ માટે સહજભાવે બનાવવામાં આવેલું ભોજન (**અહાગડેસુ**-યથાકૃત) દાતા-ગૃહસ્થ દ્વારા આંપવામાં આવે (દત્તભક્ત) તો જ સાધુ એ ગ્રહણ કરે. સાધુ માટે ત્રણ પ્રકારની એષણાઓની મર્યાદા બતાવવામાં આવી છે.

૧) **ગવેષણા** - શુદ્ધ પ્રાષુક ભોજનની કલ્પ-અકલ્પના નિયમોની મર્યાદા સાથે ગોચર્યા કરવી.

૨) **ગ્રહણેષણા** - ભિક્ષામાં આહાર લેતી વખતે જે મર્યાદાના નિયમો છે તેનું પાલન કરવું.

૩) **પરિભોગેષણા** - દાનમાં મળેલું ભોજન આહાર કરતી વખતે મર્યાદામાં રહી ભોજનના દોષો ટાળવા.

આ ત્રણે પ્રકારની એષણાની મર્યાદાઓનું દશ વૈકાલિકના પાંચમા અધ્યયનમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે વિષમ માર્ગથી ન જવું, અંગાર આદિના અતિક્રમણનો નિષેધ, વરસાદમાં ભિક્ષા માટે જવાનો નિષેધ, જીવહિંસાની સંભાવના હોય એવી ભિક્ષાનો નિષેધ આદિ.

અત્રે દૈનિક કાર્યક્રમની મર્યાદાઓ નિયમોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. સાધુ માટે પ્રાતઃકાળે ને સંધ્યા સમયે પ્રતિક્રમણ, બે વખત પ્રતેલેખન, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ દિનચર્યા આવશ્યક છે જેથી પ્રમાદ આદિમાં સમય વેડફાઈ ન જાય.

આગમોમાં બતાવેલી ઉપરોક્ત મર્યાદાઓ સિવાય આજના સંદર્ભમાં સાધુજીવન માટે નીચે મુજબ મર્યાદાઓ પણ અભિપ્રેત છે.

૧) સાધુ કોઈ પણ પ્રકારનું દાન, નાણું, સિક્કા, નોટો ન રાખે તેમ જ કોઈ પણ બેન્ક આદિમાં ખાતું કે

ડિપૉઝિટ પોતાના કે શ્રાવકોના નામમાં ન રાખે. (૨) સાધુ માટે શૅરો, યુનિટો કે અન્ય જાતમાં રોકાણો વર્જિત છે. (૩) તે જ રીતે મકાન, દુકાન, ઓફિસ, ગોડાઉન, સ્થાનક, ઉપાશ્રય કે કોઈ પણ જાતની સ્થાવર મિલકત પર માલિકી હક રાખવા એ સાધુને કલ્પતું નથી. સાધુને **અણગાર** (એટલે કે જેનું કોઈ ઘર નથી) કહેવામાં આવે છે. સંસારનું પોતાનું ઘર છોડયા પછી સાધુજીવનમાં એક કે અનેક ઘર, મઠ, આશ્રમ આદિ બનાવવાની શી જરૂર છે? સધુ મકાન આદિ બનાવે નહીં અને બનાવવાનો ઉપદેશ અથવા પ્રેરણા પણ ન આપી શકે. (૪) સંસારના કોઈ પણ જાતનાં કાર્યમાં મન-વચન-કાયાથી અલિપ્ત રહે. સાંસારિક કાર્યો જેવાં કે વ્યવહારનાં, ધંધાનાં, સંબંધનાં, લગ્નનાં, સંતાનપ્રાપ્તિ માટેનાં કે એવાં કોઈ પણ કાર્યમાં સીધા કે આડકતરી રીતે સંડોવાય નહીં. મંત્ર-તંત્ર-દોરા-ધાગા આદિ ધતિંગથી દૂર રહે અને જ્યોતિષ-ભવિષ્યવાણી વગેરે ન કહે, જાદુ-ટોણા-મેલી વિદ્યા-ચમત્કારો (જેમ કે હાથમાંથી ભસ્મ કાઢવી) આદિના પ્રયોગો ન કરે અને ન એને પ્રોત્સાહન આપે. રીઝે તો સાંસારિક લાભનો આશીર્વાદ ન આપે અને ખીજે તો શાપ પણ ન આપે. **"સમયાએ સમણો હોઈ"** સમતાથી જ શ્રમણ થવાય છે. સૂત્રકૃતાંગ (૨/૧/૧૫)માં સાધુ (ભિક્ષુ) માટે ૧૪ પર્યાયવાચી નામો બતાવ્યાં છે. એમાં સૌ પ્રથમ નામ છે "સમણ". સમણ (સમતાવાન) માહન (બ્રહ્મચારી અથવા બ્રાહ્મણ) ક્ષાંત, દાંત ગુપ્ત, મુક્ત, ઋષિ, મુનિ, કૃતિ (પરમાર્થ પંડિત), વિદ્વાન, ભિક્ષુ, રુક્ષ, તીરાર્થી અને ચરણ-કરણ-પારવિદ. પ્રત્યેક શબ્દ જુદી જુદી મર્યાદા-ગુણના વાચક છે. (૫) સંસારીઓ સાથે કોઈ પણ જાતનો - ધાર્મિક સિવાયનો સંબંધ ન રાખે, પોતાના નોકર કે દાસ ન બનાવે. ટેલિફોન, મોબાઈલ, ઈ-મેલ આદિ દ્વારા વાતચીત કે સંદેશાની આપ-લે કરવી એ સાધુ માટે વર્જિત છે. (૬) કોઈ પણ જાતના વ્યસનમાં ન ફસાય. દારૂ, ગાંજો, બીડી, સિગારેટ, તમાકુ, "માવો", પાન, અફીણ આદિ નશીલી ચીજો તો સદંતર અકલ્પ્ય છે. આ ઉપરાંત પ્રમાદવશ પાનાં, રેસ, લૉટરી આદિમાં રસ ન લે. બધાં જ વ્યસનોનો અને દુર્ગુણોનો મન-વચન-કાયાથી ત્યાગ કરે. (૭) મોટર, વિમાન, ઑટોરિક્ષા, વહાણ આદિ વાહનોનો ઉપયોગ સાધુજીવનની મર્યાદાની બહાર છે. સાધુ તો **પાદવિહારી** કહેવાય છે. એક જ ગામમાં/સ્થાનમાં ચોમાસાના ચાર મહિનાથી વધુ (અપવાદ સિવાય) ન રહેવાની મર્યાદા પણ સાધુ માટે અભિપ્રેત છે.

ઉપરની બધી જ પ્રવૃત્તિઓ કોઈ ને કોઈ રૂપે સાધુ સમાજમાં જોવામાં આવે છે. અહીં ફક્ત જૈન સાધુ જ નહીં, પણ સમગ્ર સાધુ સમાજની વાત છે. જૈન સાધુ માટેની મર્યાદાઓમાં આ બધી જ પ્રવૃત્તિઓ અને ક્રિયાનો નિષેધ છે.

આજે શ્રાવકો સાધુને પૂજ્ય માને છે, એમને વંદન કરે છે, તો સાધુની પણ પવિત્ર ફરજ બને છે કે તેઓ અત્યંત સંયમમય, પવિત્રતમ અને સદંતર નિર્દોષ જીવનથી સમગ્ર સમાજને પ્રેરણા અને ઉપદેશ આપે, નહિતર ભટકી ગયેલા સાધુ અનેક લોકોના ભટકી જવાના નિમિત્ત બનશે. ઉભયના અધઃપતનનું કારણ બનશે.

શ્રાવકોને સાધુના "અમ્મા પિયા" કહેવામાં આવે છે, તો એમની પણ પવિત્ર ફરજ છે કે તેઓ સાંસારિક લાભો કે કામનાઓ માટે કરી સાધુઓના પવિત્ર જીવનને પતનના માર્ગે ન લઈ જાય. કદાચ કોઈ સાધુ વિચલિત થયા હોય તો એમને પાછા સન્માર્ગે વાળે.

આપણે સાંભળીએ છીએ કે કેટલાક અધ્યાત્મિક ગુરૂઓ કાળા નાણાંને સફેદ કરવાના (Money laundering)ના કૌભાંડમાં રંગે હાથ પકડાયા છે. આવા ગુરૂઓ કે સાધુઓ છદ્મવેષમાં રહેલા ઠગ છે અને સમગ્ર સાધુ સમાજને બદનામ કરે છે. સાચા સાધુ માટે આવાં કોઈ પ્રલોભનોમાં કે જંજાળમાં ન પડવા માટે અપરિગ્રહ વ્રતની મહાન મર્યાદા અભિપ્રેત છે.

જો સાધુજીવનમાં આ મર્યાદાઓનું પાલન નહીં થાય, એમનું જીવન પાખંડી, પ્રમાદી અને સંયમહીન થઈ જશે, તો લોકોનો વિશ્વાસ એમના પરથી ઊઠી જશે, આપણે આશા રાખીએ કે આપણને મહાવીરની જિનવાણી સંદેશ વહન કરનારા પૂજ્ય સાધુઓ મળ્યા કરે.

***("જૈન પ્રકાશ" માંથી સાભાર)***


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

***આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે***

*Raajendra S. Shah* (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

## કાવ્ય–પ્રકાશ : શેઠ શ્રી નરશી નાથાજી અમર ગાથા

પધરી આય ઈન જહાંનમેં, દશેંજી હી નાત;
દેશ વિદેશ ડંકા વજેં, ઉદારતા મેં ખ્યાત.
લખપતિ ને કરોડપતિ, કૈ પધરા અંઇ ઉદાર;
ભારતમેં ને બાર પણ જેંજા કૈક વેપાર.
કો ડોક્ટર, કો વકીલ ઐં, કો લેખક કલાકાર;
કવિ પંડિત ને જોતિષ, કો જેપી જોરધાર.
કો ગ્રેજ્યુએટ ડિસજેં ભલા, બી. કોમ ઐં અપાર;
કો પાર્લામેન્ટ મેં વિઠાં, કો ધારાસભા મેં ધાર.
ઈન પ્રગતિ જો કારણ દીઠોં, નરશી નાથા શેઠ;
કચ્છ નલિયેમેં જન્મીને, બધાં જોરસેં ભેઠ!
જન્મ્યો ગરીબ ઘરમેં, ગરીબી પારાવાર;
કિસ્મત કે ચમકાયલા, આયા મુંબઈ દ્વાર
કૈ ધંધા ધોરી કરે, ભરેં દ્રવ્ય ભંડાર;
નાતીલેંકે બર ડિને, ચડાંય ધંધે સાર,
રસોડો ખુલ્લો રખેં, જિત્ત લમીં લગે કતાર;
ગામોગામ ઘરમાઉ કેં, નાણા અપરંપાર.
ગરીબ ગોરબેં કે ડિને, ધાંઈ ને ધન ચિકાર;
દુકાર પોંધે  ડેશમેં, નરશી થિએ ઉદાર
ચરોચાર ડઈ ઢોરેં કે, ભચાંય જીવ હજાર
ગુજજા-પધરા દાન ડે, ઉકારે વેધેં ડુકાર
દેરાસર ધીંગા રચેં, ધીંગા અતિથિ દ્વાર;
કચ્છ અને પરદેશમેં, નેજા ફિરકે સાર.
જૈનેમેં એકતા કરે, એળો રચેં પ્રસંગ
નરશી નાથા ઈન્દ્ર થ્યા, ભેરો થ્યો જિન સંઘ
મેળાં કે મહાજનજા, સત સોખડી ભોજન;
બંધારણ ઘડે નાતજો, રખી ડિને ઈન રંગ.
જાચક પાછો ન વરે, નરશી જે હેન દ્વાર;
ચોવાણું કચ્છ દેશમેં, અવની જો દાતાર.
દશેંજો તારક બન્યો, નલિયે જો નરવીર;
મહાજન ઈનકે "શેઠ" ચ્યોં, થી વ્યો બાવનવીર
શેરી ઈનજે નાં જી, મુંબઈમેં ચોવાય;
પાલીતાણામેં હલેં, સદાવ્રત ને સુખદાય.
ધર્મશાળામેં આશરો ગિને, જૈન કૈં ભાવર,
સગવડ સારી મિલે, નરશી જો શુભકાર.
અટ્ઠો દેવાજે ગોઠમેં, થીંયે પજુષણમેં પુન્ન;
ઢોલ-શરણાઈ નિત્ત વજેં, પૂજાજે પ્રસંગ.
વરે સોનું બાર વ્યા, તય ઝણહણે જ્યોત;
"નરશી નાથા" થઈ  વ્યા, અમૃત કુપજો શ્રોત
અવનીમેં ચમકે વિઠાં, જેસીંય સુરજ-ચંદ;
તેસીંય ઈ ચમકે વિઠો, નાથે જો ઈ નંદ!
જેળો જગડુશા થ્યો, કચ્છડેમેં ઉદાર
તેં પોઆ નરશી થ્યો જૈનેમેં ઉદાર.
ધન! ધન! માતપિતા થ્યા, ધન્ય દશેંજી જાત;
નરશી નાથા નાં પોઆ, મિડે થ્યા પ્રખ્યાત.
સૂરજ જેળો તેજ હો, ચંદ્ર જેળો શિતકાર;
**"રશ્મિન"** ચેં નરશી થ્યો, અવતારી અવતાર.

***– રશ્મિન ખોના (મુંબઈ)***


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## કાવ્ય–પ્રકાશ : પ્રેરણાદેવીને આવકાર

એકાંતમાં લખતો હોઉં હું
  ત્યારે મળવા આવજો,
લખી રહ્યો છું કાવ્ય "પ્રકાશ સમીક્ષા" માટે
  સુંદર વિચારો ઉપજાવજો.
ક્યારેક કાવ્યમાં લખતો હું સંસારના સંબંધો તણાં,
  ક્યાં કોઈને દુ:ખ ન રહી જાય તેવું સંબોધન કરાવજો,
ક્યારેક દરેકના જીવનમાં ઘડી કડવી પણ આવે,
  સાંત્વના થાય તેને તે સંભાળજો,
ઘડિયાળના એલાર્મની ઘંટડી કદાચ ન ગમે તમને
પણ એ એલાર્મને તમોએ જ રાખ્યું એ મનમાં રાખજો,
છેલ્લે વિનંતી કે, "મોડું થાય છે" કહીને ન જતાં,
થોડીવાર પણ આવજો, એ ઘડીની રાહ હું જોઈશ જરૂર.
આવતાં સ્વગૃહે આંગણે રંગોળી સજાવજો,
આપના પગલાંથી ઘરમાં ચેતના ખીલશે.
શાંતિ છો આપ ઘરમાં શાંતિ સ્થાપજો,
સમુદ્રની લહેરોને હટાવી, રેતી પગલે આવતાં
રેતી ભલે આવે સાથે, કંકુ પગલે આવજો,
દિવાળી આવી, રાહ આપની જોઉં છું
સર્વ જીવો માટે શાંતિ સદભાવના દિપ જરૂરથી લાવજો
આવજો, જરૂરથી આવજો, મંગલદીપ પ્રગટાવજો...

***– અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર) 09843073737***


શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### INTERESTING ANECDOTES

An eminent scholar once gave an illuminating lecture and on conclusion, invited questions from the listeners. One person, who wanted to insult him scribbled something on a paper and sent it up, eagerly awaiting to see the scholar's discomfiture. But, to his shock and humiliation, he found the scholar unfolding the paper and calmly saying; "Gentlemen! I have come across people sending slips with questions and without names. But here is one who has only written his name without question. The slip merely reads Idiot". There was a thunderous laughter.

### PROVERBS ARE LAMPS TO LIFE

1) When cheerfulness is kept up on principle, against all odds, it is the finest form of courage

2) If I had no sense of humour, I would have long ago committed suicide. Gandhiji.

3) A graceful and pleasing figure is a perpetual letter of recommendation.

***- Francis Bacon***

### AMAZING FACTS

1) The only creature that can turn its head in an almost complete circle as much as 270 degrees is the owl. Because it cannot move its tubular eye balls.

2) The electrical eel fish found in America, stuns the prey on which it feeds through its electric discharge. It can discharge up to 650 volts, enough to stun a human or to power an electric bulb.

3) The mal sperm whale has the largest brain than any other animals. This whale grows up to a maximum of 65 feet and weighs 45 tons.

### AMAZING FIGURES

1) A skydiver falls through the air at a speed of 1000/hr, before opening a parachute. In 1956 an American skydiver fell far an incredible 40 minutes, gliding on warm air currents.

2) Michael Schumacher, the German Fl driver, 35 years old, holds nearly every formula one records. He is the most title winner with 7 season victories of 12, career victories of 82, career points with 1166 and won 62 poles.

3) The 30 year old Nepalese Nawang Sherpa, who has a prosthetic leg from knee down, reached the 8848m high Himalayan summit on 16th May 2004. He took 11 hours and 15 min. to reach, by climbing the South col. Route.

### TODAY'S WORD

Today's word is **"a gorgeous blossom'.** Make as many words as possible from these set of words and send it to MRS. NEELAM DALESH MOMAYA; M/S. DAMJI BHIMJI CO.; STATION ROAD, CHALISGAON-424101. THE LONGEST LIST WINS A PRIZE.

### THINK OVER IT

Today is the full bloom of life.

The petals of yesterday have withered into the past.

Tomorrow is an unopened bud that may be blackened by frosts of fate.

The future is but a seed, not yet planted of unknown quality.

But today is a gorgeous blossom of beauty and fragrance.

Today is a new page in the book of life.

Upon it and upon it alone you can write a record of your accomplishments.

But once turned it is gone forever.






## આપણો ગૌરવવંતો ઇતિહાસ

પ્ર.સ.માં "ઈતિહાસ-પ્રકાશ"માં નલીઆ અને ત્યાં થયેલ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસવાટનો ઈતિહાસ જાણી અમને અમારા વડીલો પારોલામાં શ્રી દેવજી સોજપાલ નાગડાની રૂઉની મોટી પેઢી ગણાતી અન ત્રણ ચાર સ્થળે શાખાઓ ખોલી હતી એ અમને ખબર ન હતી તે પ્ર.સ.ના માધ્યમે જાણીને અમને આનંદ થાય છે. આવા ઈતિહાસનું ગૌરવ આપણને આગળ વધવા પ્રેરણા કરે છે. "પ્રકાશ સમીક્ષા"ની આ સેવા ઘણી ઉપયોગી છે અને નવી પેઢીને આપણાં ગૌરવવંતા વારસાનો ખ્યાલ આવે. અભિનંદન.

***ડોંબિવલી ૧૧-૧૧-૧૨ નયન પંકજ નાગડા અને***
***કુ. કરિશ્મા ચેતન નાગડા***

## THE TALE OF A TOILING FATHER
### My sweet one

The dried tears, the forlorn look
The withdrawn face, the disappointed chin...
No my dear one I have no excuses today
With what face can I ask forgivance...?
I just want to take you into my arms
Though you are asleep, my lovely one...
Let me tell you the tale of your toiling dad ....

Life in the city is too taxing and demanding..
The hours of work.. long and rewards few...
Everyday I promise you that "I will tell you a story"
But the same tale repeats .. I am late always...
Today I will definitely come early...
We will share stories of awe and yonder...
And sail into a fairy land ....
I will make swings of my tired hands and
We will swirl into the land of fairies and pixies...

When I sit till late hours in the office...
Head bent down resignedly... eyes tired out...
Each hour passes by ..taking along days.. months..years..
How can I explain how I feel at those times..
Your memories ...your remembrance brings tears to my eyes..
I want to leave everything.. run and come to you
Become younger and play hide and seek with you..
Have mock fights-and experience the joy of reconciling..
Your mom will take you from me, but we will continue to play..

Your broken words .. your childish blabber..
Will fill in all the years we missed...
Your slow crawl towards me will fill me with pleasure...
I want to tell you the immense happiness-the joy..
I experience in spending even limited time with you...
I know I don't do any errands for you..
I don't bathe you, dress you or feed you ....
For you, your dad is a stranger, baby
But remember my princess.. your dad too cries for you...

I still remember, your first word..
Your mom says you said `papa'
Even before you pronounced mamma...
I know you also miss me as much as I do..
Your mom told me that when you faltered your first step..
Your first call was `papa hold me ....'
All such instances just pass off me..
All I can do is sit and watch you in your sleep..
What life God has given us..
A dad who leaves early and comes back late...
Staying under one roof .. we are so aloof...
I can't stay close to my daughter.
Nor you to your dad...

All the childhood days will soon pass
You will soon be a grown up lass
Now I dread to ponder over your marriage day...
Will I lose you to the world ....like a complete stranger..?
I really wonder if your eyes will swell with fond tears..? for me..?
Will you really miss your toiling dad....

(Dedicated to all the toiling fathers.. who sacrifice their today.
For the sweet dream of a bright tomorrow)

***Dalesh J. Momaya, Neelam D. Momaya*** (Chalisgaon)

## ઇતિહાસ-પ્રકાશ : રામૈયા-પસાયા : બે ઉદાર આત્માઓ – શ્રી જીવરાજ કરમશી શાહ

કચ્છ નલીયામાં આપણી જ્ઞાતિના **રામૈયો** અને **પસાયો** નામના બે ભાઈઓ તે અરસામાં થઈ ગયા. રામૈયો મોટો ભાઈ હતો અને વિશાળ કુટુંબનાં ભરણપોષણની જવાબદારી તેના પર હતી. તે જમાનામાં કચ્છની અન્ય વેપારી કોમો જેમ ખેતીવાડીના ધંધા પર પોતાનો નિર્વાહ ચલાવતી, તેમ આપણી જ્ઞાતિ પણ ખેતીના ધંધા ઉપર જ પોતાનો મુખ્ય આધાર રાખતી. રામૈયો એક દરબારી ખેતર ખેડીને તેની ઉત્પન્નમાંથી પોતાનાં કુટુંબનો નિર્વાહ ચલાવતો હોવાથી તેની આર્થિક સ્થિતિ ગરીબ જ હતીઃ આમ છતાં તેમે માની લીધેલા તેના ગુરૂ એક જૈન ગોરજી મહારાજ હતા; તેમના ઉપર ધાર્મિકવૃતિવાળા રામૈયાને અચળ શ્રદ્ધા હતી. તે શ્રદ્ધામાંથી ઘણા સમયની ધીરજને અંતે કેવું પરિણામ ઉત્પન્ન થયું અને રામૈયાના જીવન પર તેની કેવી અસર પડી તે વિષે એક પ્રચલિત વાત જાણવા જેવી છે.

એક સાલ આખા કચ્છમાં દુકાળ પડયો. વરસાદને અભાવે લોકોમાં અનાજ તેમ જ ઢોર-ઢાંખર માટે ઘાસનું એક તૃણ પણ મળી શકતું નહોતું. અનેક આપદા અને ભૂખમરા વચ્ચે દુષ્કાળનું વર્ષ પસાર થયું અને વળતી સાલનું ચોમાસું બેઠું, ત્યારે વરસાદ પડતાં ખેડૂત લોકોએ સપાટાબંધ પોતાનાં ખેતરોમાં વાવણીનું કાર્ય શરૂ કરી દીધું. રામૈયાએ પણ પોતાનાં ખેતરમાં જમીન ખેડીને તૈયાર કરી મૂકી હતી. વાવણી કરવા માટે સારૂં મુહૂર્ત જોવાનો રિવાજ હોય છે, તે મુજબ રામૈયાએ પોતાના ગુરૂ ગોરજી મહારાજ પાસે મુહૂર્તની માગણી કરતાં ગોરજીએ તેને થોભી જવા જણાવ્યું. એમને એમ આખી ઋતુ પસાર થઈ ગઈ અને બીજા ખેડૂતોના પાક તૈયાર થઈ ગયા, ત્યારે ગુરૂવચનની રાહ જોઇ બેસેલા રામૈયાનાં ખેતરમાં માગ્યા દુકાળ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. લોકો અને સગાં રામૈયાની મૂર્ખાઈ અને અંધશ્રદ્ધા પર હસીને તેની અનેક રીતે ટીકા કરવા લાગ્યાં હતાં. ખૂદ રામૈયાને પણ અનેક તર્કવિતર્ક થવા લાગ્યા છતાં તેણે ધીરજ ગુમાવી નહિ. ચોમાસું પૂરૂં થયા પછી પણ, જો પ્રયત્ન કરવામાં આવે તો શિયાળુ પાક મળવા સંભવ હતો એટલે રામૈયો ફરીથી પોતાના ગુરૂ પાસે પરવાનગી લેવા ગયો. તે વખતે ગોરજી મહારાજે તેને પરવાનગી તો આપી; પણ આ પરવાનગી વિચિત્ર હતી. ખેતરોની વાવણીનો નિયમ પૂર્વથી પશ્ચિમ બાજુ હોય છે, ત્યારે ગોરજીએ રામૈયાને પશ્ચિમથી પૂર્વ બાજુ વાવણી કરવા આજ્ઞા કરી; અને તે પણ જે ખેતર ખેડવાલાયક તૈયાર થયું હતું તેને બદલે જેમાં ઘાસ ઉગી નીકળ્યું હતું, એવી એક નિરૂપયોગી જમીનવાળા ખેતરમાં પ્રયત્ન કરવા જમાવ્યું. ગુરૂજીના શબ્દોમાં કંઇક સારો આશય જ હશે એવી માન્યતા સાથે રામૈયો લોક ટીકાની કે પોતાની નુકશાનીની દરકાર ન કરતાં સૂચવેલા ખેતરમાં હળ ચલાવવા તૈયાર થયો. હળ ચલાવતી વેળા તેને જણાયું કે તેના છેડા પરના જમીનમાં ઉતરેલા ભાગ સાથે કોઇક વસ્તુ અફળાઈને સાંતીડાને રોકી રહી છે. રામૈયાએ નીચા વળીને તપાસ કરી તો ખાડાવાળી જમીન નીચે કોઈ ધાતુ હતી. તેણે જમીન ખોદી કાઢી જોયું તો તેમાં સોનામહોરોના ચરૂ નીકળ્યા.

દરબારી જમીન હોવાથી એ ચરૂ દરબારી માલિકીના ગણાય એમ માની રામૈયાએ દરબારમાં વાત જાહેર કરી. આવી પ્રમાણિકતા આ જમાનામાં કોણ બતાવશે? દરબાર પણ તેવા જ ઉદાર અને પ્રજારક્ષક હોવાથી તેમણે એ આખી મિલ્કત રામૈયાની મહેનતનું ફળ હોવાથી આગ્રહપૂર્વક તેને સોંપી દીધી અને રામૈયાના બહુજ આગ્રહને અંતે ઠાકોરના માણસોએ રામૈયા તરફથી ભેટ તરીકે સુખડીનો સ્વીકાર કર્યો. આ સુખડીમાં રામૈયો અનાજ ભરવાના માપથી સોનામહોરો આપેલી કહે છે.

લક્ષ્મી પ્રાપ્ત થતાં રામૈયાનું કલેવર પલટાયું. લોકોની ભાવના પલટાઈ ગઈ. રામૈયો મટી “રામૈયા શેઠ” થઈ પડયા પણ રામૈયાની પ્રમાણિકતા, નિરાભિમાનીવૃત્તિ અને નીતિમત્તા અગાઉ જેવાં જ હતાં. એણે પેઢીઓ સુધી ચાલે એટલાં અઢળક ધનનો કોઈ સત્કાર્ય અર્થે ઉપયોગ કરવા વિચાર કર્યો. વિચારને અંતે સાધર્મિક બંધુઓને ભેગા કરી થોડા દિવસ તેઓની સ્વાગતા કરી ધાર્મિક ઉત્સવ-પૂજા કરવાનો નિર્ણય કર્યો અને પોતાના ગુરૂની પણ તે માટે પરવાનગી મેળવી.

રામૈયા તથા પસાયા શેઠે કચ્છનાં દરેક ગામે કંકોતરી લખી આમંત્રણ આપ્યાં અને નલીયામાં જ્ઞાતિ મેળો ભરાયો. મોટો સમારંભ અને ધાર્મિક પૂજા ઇત્યાદિ થયા. રામૈયા શેઠે આ શુભ કામમાં છૂટે હાથે નાણું ખર્ચ કરી વિશેષમાં પૂર્ણાહૂતિએ દરેક મહેમાનને એકેક લોટાની લાગણી કરી. આ પ્રભાવના વખતે કોઈ ભૂજનિવાસીએ ટીકા કરી કે “કોરું” પાત્ર આપવાનો અમારી બાજુ રિવાજ નથી.” આ ટીકાના જવાબરૂપે મહેમાનોને બે દિવસ વધુ રોકી પ્રભાવનાના લોટામાં ઘૃત સાથે એકેક સોનામહોર નાખીને રામૈયા શેઠે ટીકાકાર બંધુનું સમાધાન કર્યું. વાગડ, કંઠી અને સમસ્ત કચ્છના સાધર્મિક ભાઈઓએ આ મેળામાં હાજરી આપી હતી.

તેમની ઉદારતા જાણીતી હતી. નલીયામાં પહેલવહેલી જાણવાલાયક વ્યક્તિઓ તરીકે આજથી ૩૫૦ વર્ષ પર થયેલા એ ઉદાર ચરિત ભાઈઓનું નામ આવે છે.

*(પ્ર.સ.ના નવેમ્બર ૧૯૩૮ના અંકમાંથી)*

## ધર્મ-પ્રકાશ : શબ્દશુધ્ધિ જ્ઞાન

### પ્રભુ મહાવીર જન્મકલ્યાણક

પરમ તારક તીર્થંકર પરમાત્માના જીવનના "ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ" આ પાંચેય પ્રસંગો ત્રણેય જગતના જીવોનું કલ્યાણ કરનારા હોવાથી એ પાંચેય શબ્દોની પાછળ એક માત્ર "કલ્યાણક" શબ્દ જ પ્રયોજાય છે. દા.ત. "ચ્યવનકલ્યાણક, જન્મકલ્યાણક" વગેરે. લોકો માટે વપરાતો "જયંતી" શબ્દ પરમાત્મા માટે વપરાય જ નહિ. મહાવીર પ્રભુના ચૈત્ર શુદ ૧૩ના જન્મદિનને "પ્રભુ મહાવીર જન્મકલ્યાણક દિન" કહેવાય. "મહાવીર જયંતી" તો કહેવાય નહિ.

### પ્રભુ મહાવીર જન્મ-વાચન-દિન

પર્યુષણના પાંચમા દિવસે કલ્પસૂત્રમાં મહાવીર પ્રભુના જન્મનું વાચન થતું હોવાથી તે દિવસને "મહાવીર જન્મ વાચન દિન" કહેવાય. પણ "મહાવીર જયંતી" કહેવાય નહિ. "મહાવીર જયંતી" આવું આજકાલ બોલાય છે, લખાય છે અને છપાય છે તે તદન અનુચિત છે.

### ૬ "રી" પાલક યાત્રા સંઘ

જૈન તીર્થયાત્રા સંઘમાં "પાદચારી, સદાચારી, બ્રહ્મચારી આમ અંતમાં "રી" અક્ષરવાળા આચાર-પાલન બતાવનારા ૬ શબ્દો હોવાથી આ તીર્થયાત્રા સંઘને ટૂંકમાં ૬ "રી" પાલક યાત્રા સંઘ કહેવાય છે. (અવતરણ ચિહ્નો "રી"ની આજુબાજુ કરાય.) આ લખાણ શુદ્ધ હોવાથી આમ જ લખાય છ'રી પાલિત યાત્રાસંઘ આ લખાણ અશુદ્ધ છે.

### જૈનં જયતિ શાસનમ્

"જૈનં જયતિ શાસનમ્" આ શુદ્ધ હોવાથી આમ લખાય. (આમા "જૈનં" શુદ્ધ છે.)

જૈનમ્ જયતિ શાસનમ્ આમાં જૈનમ્ અશુદ્ધ છે. ખોડા "મ"પૂર્વક "જૈનમ્" લખવું હોય તો એના પછીના શબ્દના આરંભમાં સ્વરવાળો શબ્દ હોવો જોઈએ. જેમ કે, "જૈનમ્ અસ્તિ."

### મિચ્છા મિ દુક્કડં

"મિચ્છામિ દુક્કડમ્" આ લેખન અશુદ્ધ છે. "મિથ્યા મે દુષ્કૃતમ્" આ ૩ સંસ્કૃત શબ્દો પરથી પ્રાકૃતભાષામાં "મિચ્છા મિ દુક્કડં" થાય છે. શબ્દો બે નથી, ત્રણ છે માટે આ શબ્દો સાચી રીતે આમ ત્રણ વિભાગપૂર્વક જ લખાય. બંને "મિ" આમ હ્રસ્વ "ઈ" વાળા જ લખાય. "મિચ્છા"ની સાથે "મિ" શબ્દને જોડી દેવાય નહિ. **"દુક્કડમ્"** પણ પ્રાકૃત ભષાના નિયમાનુસાર લખાય "દુક્કડં", "દુક્કડમ્" લખાય નહિ, એ અશુદ્ધ છે.

### જીન નહિ; જિન

જિન = રાગ-દ્વેષ વિજેતા તીર્થંકર, જીન = એક જાતનું ભૂત, ઘોડાની પલાણ

"જય જીનેન્દ્ર" અશુદ્ધ છે, અનર્થકારી છે.

"જય જિનેન્દ્ર" શુદ્ધ છે, માટે આમ જ લખાય, "જીનાલય" અશુદ્ધ છે,

**"જિનાલય"** શુદ્ધ છે, માટે આમ જ લખાય અજીતનાથ અશુદ્ધ છે. અજિતનાથ શુદ્ધ છે.

### વૈયાવચ્ચ નહિ; વેયાવચ્ચ

મૂળ સંસ્કૃત શબ્દ "વૈયાવૃત્ય" પરથી પ્રાકૃતમાં "વેયાવચ્ચ" શબ્દ બને છે. પ્રાકૃતમાં "ઐ" સ્વર નથી. સંસ્કૃત "ઐ"નો પ્રાકૃતમાં "એ" થાય છે. માટે "વેયાવચ્ચ" શુદ્ધ છે. "વૈયાવચ્ચ" એવું અશુદ્ધ લખાય-બોલાય છે એ અજ્ઞાનની નિશાની છે.

### પંચાહ્નિક મહોત્સવ

"પંચાહ્નિકા - અષ્ટાહ્નિકા મહોત્સવ" અશુદ્ધ છે. જ્યારે "પંચાહ્નિક - અષ્ટાહ્નિક મહોત્સવ" શુદ્ધ છે. "મહોત્સવ" શબ્દ પુલ્લિંગમાં હોવાથી એનું વિશેષણ પણ પુલ્લિંગમાં જ લખાય.

***(સૌજન્ય : "કલ્યાણ"માંથી)***

**સૌનો આભાર**

*અમને દીપાવલી અને નૂતન વર્ષ નિમિતે અનેક જ્ઞાતિજનો-શુભેચ્છકોએ શુભચિંતન-સંદેશાની વર્ષા કરી છે એ સૌને યશસ્વી નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સહ આભાર અભિવ્યક્તિ.*

**શુભેચ્છા સંદેશ**

*પ્રભુ મહાવીર લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાન સાથે સં. ૨૦૬૯નું શરૂ થયેલું નવલું વર્ષ આપ સૌને ધર્મ ભાવના અને સામાજકિ સેવા ભાવનાને વધુ વૃધ્ધિગત બનાવે એવી હાર્દિક શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન... સાલ મુબારક...*

## ધાર્મિક જ્ઞાન સ્પર્ધા - *શ્રીમતી નયનાબેન મૈશેરી (આણંદ)*

### ચરમ તીર્થંકર "ભગવાન મહાવીર સ્વામી"...!

ચૈત્ર સુદ-૧૩ના મંગલ દિને, માતા _____1 ની કુક્ષીએ તીર્થંકરના આત્મા એવા અજોડ બાળકે જન્મ લીધો. જન્મ બાદ પિતા _____2 ની અને સમગ્ર _____3 નગરની સમૃધ્ધિ વધવા લાગી તેથી આ રાજકુમારનું નામ _____4 પાડવામાં આવ્યું. બાળપણમાં ભેરૂઓ સાથે રમતાં રમતાં દેખા દીધેલા _____5 ને પોતાના હાથે દૂર મૂકી આવવાની નિડરતા જોઈ _____6 એ તેમનું નામ _____7 પાડયું. જનમથી જ અતિ સૌંદર્યવાન, ઉત્કૃષ્ટ ગુણોથી અલંકૃત, પરાક્રમી અને અતિ તેજસ્વી હતા.

તેમનું મન સંસારથી અલિપ્ત હતું છતાં માતા-પિતાના માન ખાતર રાજકુંવરી _____8 ને પરણ્યા. _____9 નામની પુત્રી થઈ.

માતા-પિતાની હયાતી હોય ત્યાં સુધી _____10 ન લેવાનો સંકલ્પ એમણે માતાના ગર્ભમાં જ કર્યો હતો. માતા-પિતાના અવસાન બાદ ભાઈ _____11ની વિનંતીથી, વધુ _____12 વર્ષ રોકાઈ ગયા અને _____13માં વર્ષે રાજસુખ અને પરીવાર જનોને છોડીને _____14 વદ-૧૦ના રોજ મહાભિનિષ્ક્રમણ કર્યું. દીક્ષા અગાઉના એક વર્ષમાં દરરોજ દાન કરીને કુલ _____15 કરોડ _____16 લાખ સુવર્ણ મુદ્રાઓનું દાન કર્યું. દીક્ષા બાદ _____17 વર્ષ ઘોર તપશ્ચર્યા કરી જેમાં તપના _____18 દિવસમાં ફક્ત _____19 દિવસ પારણાના હતા. _____20 વર્ષની ઉમરે, _____21 સુદ-૧૦ના રોજ _____22 નદીના તટે _____23 વૃક્ષ નીચે "કેવળજ્ઞાન" પ્રગટ થયા પછી તેમણે _____24 બ્રાહ્મણ અને તેના સાક્ષીઓને તથા _____25 બ્રાહ્મણોને પ્રભાવિત કરી દીક્ષા આપી.

કેવળજ્ઞાન પ્રાપ્તિ બાદ બીજા દિવસે વીતરાગી મહાવીરે દેવરચિત _____26માં પ્રથમ દેશના આપી જે નિષ્ફળ ગઈ ને એક અછેરૂં ગણાયું. પ્રભુએ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ _____27 સંઘની સ્થાપના કરી. હવે પ્રભુ ઠેર ઠેર વિચરીને દેશના આપવા લાગ્યા.

પ્રભુએ પોતાના ઉપદેશમાં પાંચ મહાવ્રતો પર સવિશેષ ભાર મૂક્યો. એમના પાંચવ્રતો તે _____28, _____29, _____30, _____31 અને _____32. સારા વિશ્વે આ વ્રતોને સ્વીકાર્યા છે, માન્યા છે. પાંચ મહાવ્રતો ઉપરાંત મુખ્યત્વે _____33, _____34, _____35, _____36 અને _____37 નો મહિમા જેવી બાબતો પણ તેમના ઉપદેશમાં સમાવિષ્ટ છે.

કેવળજ્ઞાન પ્રાપ્તિ બાદ, જુદે જુદે સ્થળે _____38 ચાતુર્માસ કર્યા બાદ, અંતિમ ચાતુર્માસ માટે પ્રભુ _____39 પધાર્યા, _____40 વદ ૧૪ અને અમાસના દિવસે પ્રભુએ સતત _____41 પ્રહર (૪૮ કલાક) દેશના આપી. આ દેશનામાં પ્રચંડ જનમેદની ઉપરાંત _____42 દેશના રાજરાજવીઓ પણ સામેલ હતા.

ભગવાન મહાવીરે પ્રબોધેલો જ્ઞાનનો પ્રકાશ અને પાંચ મહાવ્રતોના અમલની વાત આજની દુનિયામાં પણ એટલીજ પ્રસ્તુત છે. આજે પણ પ્રભુ મહાવીરના અનુયાયીઓ વિશ્વભરમાં ફેલાયેલા છે અને તેમની વિચારધારાના વાહક બની જગતના સર્વ માનવને કહે છે, સમજાવે છે કે... "હાય હેલ્લો છોડો જય મહાવીર બોલો". મહાવીરના આ વ્રતોને અનુસરો એમાં જ સારા વિશ્વનું કલ્યાણ સમાયેલ છે... પણ, આજનો આ પામર માનવી _____43 ભેગું કરવામાં જ સમજે છે. સમજશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે, માટે છેલ્લે ક્ષમાયાચના!... જય મહાવીર...!!!

*નોંધ : ખરા જવાબો મોકલનાર વાચકોને એમના તરફથી ઈનામો અપાશે.*

***નોંધ :*** પ્રકાશ સમીક્ષા દ્વારા બાળમિત્રો માટે ધાર્મિક કથારૂપે ભગવાન મહાવીરના જીવનચરિત્રને આધારીત યોગ્ય શબ્દથી **ખાલી જગ્યા પુરો** રસિક સ્પર્ધા રજુ કરી છે. આ સ્પર્ધા ઈનામી છે. ખરા જવાબો મોકલનાર વાચકમિત્રોમાંથી ભાગ્યશાળી ત્રણ વિજેતાઓને આકર્ષક પારિતોષિક મોકલવામાં આવશે. જવાબો પ્ર.સ.ના કાર્યાલયે માત્ર લેખિત ટપાલ સ્વરૂપે તા.૧૦-૧૨-૧૨ સુધીમાં મોકલવા.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## "અનંતછાયા" બાબતે ચેરીટી કમીશ્નર સમક્ષ સુનાવણી

"અનંતછાયા."ના વેચાણ માટે મંજુરી મેળવવા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ નામદાર ચેરીટી કમીશ્નર સમક્ષ કરેલ અરજી અને તે સમયે વાંધો લેનાર પક્ષકારોની વિરોધ અરજીની સુનાવણી ૧૯ નવેમ્બરના થનાર છે તે વખતે વિરોધકર્તા પત્રકારો જેમને ટ્રસ્ટીઓએ હવે ઇન્ટરવીનર તરિકે સ્વીકાર્યા છે તેમાંથી ચંદ્રસેન મોમાયા અને ડો. લક્ષ્મીબેન ખોના હવે પોતપોતાની રીતે સ્વતંત્ર જુદી જુદી રજુઆત કરી રહ્યા છે તે પછી ચંદ્રસેન મોમાયાએ એક વધારાની અરજી કરીને સન ૧૯૬૧-૬૩ દરમ્યાન ટ્રસ્ટબોર્ડની મિનિટસ બુકો ચેરીટી કમીશ્નર સમક્ષ રજુ નથી કરાઈ તેથી તે વખતના "અનંતછાયા" સંબંધિત ટ્રસ્ટબોર્ડના ઠરાવો, મુંબઈ મહાજનશ્રીની સભાના ઠરાવો તથા "પ્રકાશ-સમીક્ષા"માં સંબંધિત લેખો કે માહિતી પુરી પાડવા ઉક્ત ત્રણ સંસ્થાઓને સંબોધીને તેમણે સંયુક્ત પત્ર લખેલ તેનો ટ્રસ્ટીઓ કે મહાજનશ્રીએ પ્રત્યુત્તર આપ્યો નથી કે તેવા ઠરાવો રજુ કર્યા નથી.. જ્યારે "પ્રકાશ-સમીક્ષા" એ તે વખતે પ્રગટ થયેલા બે લેખો-સમાચારોની નકલો તેમને આપી છે. જેમાં "અનંતછાયા"ની જમીન ખરીદવા પૂર્વે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ મુંબઈ મહાજનને પરવાનગી આપવા લખેલ વિનંતિપત્ર અને મહાજનશ્રીએ પોતાની સભાઓમાં આપેલ તેવી પરવાનગીના ઠરાવોની માહિતી છે. તેની નકલો ચેરીટી કમીશનર સમક્ષ ફાઈલ કરેલ છે તથા મુંબઈ મહાજનશ્રીને તેની સભાઓની મિનિટસો રજુ કરવા સમન્સ મોકલવા ચેરીટી કમીશનરને વિનંતિ કરેલ છે, તે પ્રકારની ચંદ્રસેન મોમાયાની અરજીની સુનાવણી પણ સાથે થવાની છે.

વાંધો લેનારાઓએ ચેરીટી કમીશ્નરની ઓફિસમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટના જુના રેકાર્ડની પ્રમાણિત નકલ મેળવવા કેટલાક મહીના પહેલાં અરજી કરેલ તેના અનુસંધાનમાં મળેલ પ્રમાણિત નકલોમાંથી અમુક દસ્તાવેજો એવો નિર્દેશ કરે છે કે ઉક્ત વર્ષ ૧૯૬૧-૬૩ દરમ્યાન તે વખતના ટ્રસ્ટીઓએ નામદાર ચેરીટી કમીશનરને "અનંત છાયા"ની જમીન ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯(ઓ) (સાધારણ ખાતામાં ગરીબ/જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે સસ્તા ભાડે રહેઠાણની જોગવાઈ કરવા) હેતુસર ઉપયોગ કરવા મંજુરી આપવા વિનંતી કરેલ અને ચેરીટી કમીશ્નરે પણ એ હેતુ માટે જ મંજુરી આપેલ, જે દસ્તાવેજો ઉક્ત ૧૯ નવેમ્બર ૧૨ની સુનાવણી વખતે રજુ થશે તેવી માહિતી છે.

## વડાલામાં પૂ. ગુરૂ મ.સા.ના પારણા

વડાલા નગરે પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પૂ.આ.ભ. ગુણસાગરસૂરિશ્વરના જન્મ શતાબ્દી વર્ષે સિધ્ધિતપની આરાધના આગળ વધી રહેલ છે. આ તપનું પારણું તા.૬-૧૦-૧૨ના શ્રી ખુશાલ ખેતશી વિસરીયા પરિવારે પૂ.સા.શ્રીના સંસારી પરિવારોની સંગાથે કરાવેલ. શ્રી સંઘના ભાઈબહેનો સારી સંખ્યામાં હાજર રહેલ. આમંત્રીત મહેમાનોએ નવકારશીનો લાભ લીધેલ. શ્રી સંઘની બહેનોએ તપ અનુમોદનારૂપે સ્તવનોની રમઝટ બોલાવેલ. બાદ તપ પ્રશંસા અભિનંદન કાર્યક્રમરૂપે પંડિતવર્ય શ્રી વિશાલ ધરમશીએ સંગીત મંડળી સાથે પોતાની આગવી શૈલીમાં રજૂઆત કરેલ. જેમાં ઉપસ્થિત સંઘનાં ભાઈબહેનો રસ તરબોળ થઈ ગયા. શ્રી સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય વ્યવસ્થા રાખેલ. જેનો સૌએ લાભ લીધેલ. રૂા.૧૦/-ની પ્રભાવના થયેલ. આ નિમિત્તે




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

બન્ને જિનાલયમાં પરમાત્માની ભવ્ય અંગરચના કરવામાં આવેલ. સંઘના ભાઈબહેનોએ દર્શનનો લાભ લીધેલ.

### મુંબઈ મહાજન દ્વારા કેરાલા પ્રવાસ

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે ૧૪૦ જ્ઞાતિજનો કેરાલાના જોવાલાયક સ્થળો અને તીર્થોના દર્શનાર્થે તા.૧૬-૧૧-૧૨ના ગયા છે.

### શ્રી રોહન મધુકર ભાટે

શ્રી રોહન મધુકર કલ્યાણજી ભાટે (કોઠારા-કરાડ) B.Sc. DMLT પોતાના શોખ થકી પક્ષીજીવન વિષે



અભ્યાસ કરી એ ક્ષેત્રે વિશેષસિધ્ધિ મેળવી છે. રોહનને સર્પ જીવનનો પણ અભ્યાસ છે. નિસર્ગ સાથે સંપર્કમાં રહી પર્યાવરણ અને વન્યપંખી-પ્રાણીઓના સંરક્ષણ માટે ઉલ્લેખનીય કાર્ય કર્યું છે. જંગલ કેમ્પ, સ્લાઇડ શો, પ્રદર્શન, ટ્રેનીંગ વર્કશોપ વગેરેમાં સક્રિય રહી તેમણે આ વિષયને ન્યાય આપ્યો છે.

મહારાષ્ટ્રમાં સહ્યાદ્રી ટાઇગર રીઝર્વ અંગે પણ તેની દસ્તાવેજી ફિલ્મમાં મહત્વનું યોગદાન આપેલ છે. શાસકીય વનવિભાગને મદદરૂપ થઈ ગેરકાયદેસર થતી વન-પર્યાવરણ અહિતની પ્રવૃતિઓને અટકાવવામાં ભાગ લીધો છે અને પ્રાણી-પંખી બચાવવાનું કાર્ય કર્યું છે.

આ યોગદાન થકી તેમને સરકાર તરફથી અનેકવાર બહુમાન એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ડ્યુક ઓફ એડનબર્ગ એવોર્ડ પણ મળેલ છે. રાજ્ય સરકારના વનવિભાગ દ્વારા વિવિધ સંરક્ષણ સમિતિમાં નિમણુંક થઈ છે. એમને વાઈલ્ડ લાઇફ નેચરલ ફોટોગ્રાફીનો શોખ છે.

મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રકાશિત "વાઇલ્ડ મહારાષ્ટ્ર" બુકમાં તેમના અલભ્ય ફોટાઓ અને પક્ષી જીવનની નોંધ લેવાઈ છે. એ બદલ મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૪-૧૦-૧૨ના મુંબઈમાં જાહેર બહુમાન થયેલ.

તા.૯-૧૦-૧૨ના સરકાર દ્વારા એમની સાતારા જીલ્લાના માનદ વાઇલ્ડ લાઈફ વોર્ડનર તરીકે નિમણુંક થઈ છે. આ મહત્વની નિમણુંક નિસર્ગ અને વન્યચર પ્રાણીઓની રક્ષાર્થે અમુલ્ય સેવા પ્રદાન કરનારી સત્તાવાર વિશેષતા છે.

આ સિધ્ધિ અને યોગદાન બદલ હાર્દિક અભિનંદન. આપણી યુવા પ્રતિભાઓ કંઇક વિશેષ રસ રુચિ થકી વણખેડાયેલા અનોખા ક્ષેત્રે જ્ઞાતિનું નામ રોશન કરે છે. તેનું ગૌરવ છે.

### સુથરી દેરાસરમાં સંકેતરૂપ ઘટના

સુથરીમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથના દેરાસરમાં કાળી ચૌદસ તા.૧૨-૧૧-૧૨ના સંધ્યા સમયે આરતીટાણે એક



ભૈરવનાથજી (ઘુવડ-owl) પક્ષી જિનાલયમાં આવીને પ્રભુ સમક્ષ જાણે ભાવના પ્રાર્થના-કરતું હોય તેમ ધ્યાનસ્થ થઈ બેઠું. આરતીમાં ઘંટારવ ઝાલર આદિ નાદ થયા છતાં ડર્યા વિના સમગ્ર આરતી દરમ્યાન પ્રભુ સન્મુખ નિહાળી આંગીદર્શન કરતું રહ્યું. ભાવિકોએ આરતી કરવાની કરવાની હોઈ દુર થવા વિનંતી કરી એટલે તે રંગમંડપમાંથી ગર્ભગૃહમાં પ્રસાદદેવીના ચરણે જઈ બેઠું પણ આ દેવદુત ત્યાંથી હલે નહીં. આરતીમાં ઉપસ્થિત બહેનો તો ડરી ગઈ. થોડો અવાજ કરીને તેને ચલિત કરવા પ્રયત્ન કર્યા. એક દીવો પ્રભુ સન્મુખ ચરણે મુકવાનો હતો. બહેનો ગભરાયેલી એટલે બુમાબુમ કરી કોઈ માણસ બોલાવ્યો. ચહલપહલ થઈ એટલે ત્યાં નજીકમાં ખાલી નમણની કુંડીમાં તે મસ્તરીતે બેસી ગયું. પણ માંગલિક કરવાનું હોઈ એને બહાર કાઢવું જરૂરી હતું. એટલે એક માણસે સિફ્તથી એને હાથમાં પકડીને ગર્ભગૃહમાંથી બહાર મંડપમાં ઘંટ નીચેની જગ્યાએ મુકતાંજ એ દેવદુત રૂપ પલવારમાં અદશ્ય થઈ ગયું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

નિશાચર પક્ષીનું દેરાસરમાં આવી રીતે આગમન કોઈ સંકેતરૂપ મનાય છે. ભાવિકો આ દશ્ય ચમત્કારના દષ્ટિકોણથી નિહાળીને આશ્ચર્ય પામ્યા.. કાળીચૌદશ દેવ-દેવીઓની સાધનાનો દિવસ સંધ્યાટાણું, આરતીની વેળા અને ઘુતકલ્લોલ દાદાના પરચારૂપ મહાલક્ષ્મીના વાહન એવા ભૈરવનાથ દેવદુતરૂપે સાધના કરતાં દેખાયા એ કોઈ અજબનો સંકેત કે ચમત્કાર મનાય છે. આ ઘટના બાદ ઘણાં ગામ લોકો અને યાત્રિકો ખાસ તીર્થ દર્શનાર્થે પધારી રહ્યા છે.

૧૦૮ પાર્શ્વનાથમાંના એક એવા ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાએ પ્રાચીન ઈતિહાસમાં એક સંઘજમણને અખુટ ઘી ભંડાર પુરૂં પાડી ચમત્કાર ઘડેલો એ કથા પણ જગજાહેર છે.

## બડગરામાં આયંબીલ તપ

આસો મહીનાની આયંબીલની ઓળી સુંદર રીતે પુર્ણ થયેલ. ઓળી કરાવનાર પરિવારો શા.. પ્રેમજી દેવરાજ લોડાયા, શા.. શીવજી મુલજી પોલડીયા અને શા.. નરશી કાનજી દંડ હતા. ઓળીવાળા હીરવંતી પ્રેમજી લોડાયા, શ્રી નરેન્દ્ર પ્રેમજી લોડાયા, સૌ.. રેખા કાંતિલાલ દંડ, સૌ. સંગીતા વસંત પોલડીયા હતા.. પુનમના નવપદની પૂજા ભણાવેલ તેમજ રાતના ભાવના ભણાવેલ.. સૌએ ઉમંગથી ભાગ લીધેલ..

## સાંઘવમાં વાછરાદાદાની પહેડી અને સંતવાણી

સાંઘવમાં તા..૨૪-૧૧-૧૨ના રાત્રે ૮ વાગે વાછરાદાદાની પહેડી નિમિતે કચ્છ-કાઠીયાવાડના ખ્યાતનામ ભજનીકો-કલાકારોના સથવારે સંતવાણી ડાયરો યોજાયો છે. જેમાં કચ્છભરમાંથી રસિકો પધારશે.. આ પ્રસંગે મુંબઈ અને દેશાવળથી પણ ઘણાં જણાં જઈ રહ્યા છે. શ્રી શાંતિજિન ગ્રુપ-મુંબઈ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથીઓમાં શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા અને શ્રી શામજી નરશી દંડ પણ છે.

## મુનિશ્રીઓની ગિરનાર યાત્રા

મુનિ ઉદયરત્નસાગરજી અને મુનિ ગુણ વલ્લભસાગરજીએ ગિરનારતીર્થની ૧૦૮ યાત્રા સુખશાતારૂપ પુરી કરી છે. ભૂરી ભૂરી અનુમોદના..

## વર્ધમાનનગરમાં રક્તદાન શિબિર

માનવજ્યોત-ભુજના ઉપક્રમે વર્ધમાનનગર-ભુજમાં રક્તદાન શિબિર યોજાયેલ જેમાં ૫૧ જણાંએ રક્તદાન કરેલ. પૂ. મુનિશ્રી રાજરત્નસાગરજીએ પણ રક્તદાન કરી માનવતાના કાર્યનું ઉદાહરણ બેસાડેલ.. શ્રી પ્રબોધ મુનવર સહ કાર્યકરોએ આ કાર્યને સફળ બનાવવા જહેમત લીધેલ.. પ્રારંભે પૂ. આચાર્યશ્રીએ માંગલિક લાભ આપી શિબિરને આશિર્વચન આપેલ.

## વડાલા

શ્રી આઝાદ નગર-વડાલા નવરાત્રી મહોત્સવ મંડળ તરફથી નવરાત્રી દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાયેલ પર્વ દરમ્યાન પૂજા, આરતી, દાંડીયા રાસ વગેરે થયેલ. વિવિધ હરિફાઈમાં નાના બાળકો અને ભાઈ-બહેનોની અલગ અલગ આરતી સજાવટ, દાંડીયા રાસ તથા વેશભૂષા હરિફાઈઓ થયેલ.. આ વર્ષે બાળકોની દાંડીયા રાસ હરિફાઈમાં શ્રી ચિરાગ પ્રકાશ લોડાયા (સાંયરા) તથા જોડી કિરણ દિનેશ હરિયાને પ્રથમ ઇનામ તેમજ પ્રિયેશ પિયુષ લાપસીયા (સુથરી) તથા જોડી સૂરજ ભાનુશાળીને ત્રીજું ઇનામ મળેલ. તે બદલ અભિનંદન. શરદપૂર્ણિમાના રાત્રી જાગરણ દરમ્યાન વેશભુષા દાંડીયા રાસ હરિફાઈ મોટા ભાઈબહેનોની રાખવામાં આવેલ. કાર્યક્રમ બાદ સૌએ દૂધપૌંઆ અને નાસ્તાની મોજ માણેલ તેમજ કુ. રૂચા વીરેન શાહ (ઉ.વ.૫)એ અમુલ્ય અમીચંદ સ્કુલમાં વેશભૂષા હરિફાઈમાં ૪થું ઇનામ મેળવેલ છે. અભિનંદન.

## ગદગમાં વરસીતપ આરાધના

ગદગમાં વરસીતપની આરાધનામાં ૨૧ જણાનાં વરસીતપ ચાલુ છે.તપસ્વી પારણાની વ્યવસ્થા રાખવામાં આવી છે. તપસ્વીઓને પારણાં કરાવવાનો લાભ રૂ..૩૫૦૦ના નકરાથી લઈ શકાય છે. સંપર્ક : હરિશ મુનવર-09341319295 શ્રીમતિ ભાવિની કુમાર લાલકા-09019461777


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in
॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

### જીવનસંધ્યા–ગદગ

સંસ્થાને કાયમી આખા દિવસની મિતી નકરો ₹૧૯૫૦૦ માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરીની સ્મૃતિમાં હસ્તે સૌ. મિનતી અમિત શાહ (USA) તરફથી મળેલ છે.

### નલિયા

નલિયા તિર્થ પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા.આ.ઠા.૩ નિશ્રામાં ચાતુર્માસ આરાધના રૂડી રીતે થઈ.

આસો માસની શાશ્વતી આયંબીલ ઓળી શ્રીમતી હંસાબેન વિવેક મોમાયા (સાયરા-ધુલીયા) તરફથી હતી. જેમાં વીશ તપસ્વીઓ જોડાયા હતા.

પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા.આ.ઠા.૩ ચાર્તુમાસ પરિવર્તન તા.૨૯-૧૧-૧૨ના વહેલી સવારે નલિયાથી કોઠારા તરફ વિહાર કરશે.

### કોટડા રોહામાં યોજાઈ ભાવયાત્રા

કોટડા રોહામાં પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની ભાવયાત્રા યોજવામાં આવેલ. પૂ.ચારૂશીલાશ્રીજી મ.સા.ને સંયુક્ત રજતજયંતિ વર્ષ અને જીવનના ૪૭મા જન્મદિવસ નિમિતે તેમજ મુમુક્ષુ ઉમંગી હરીશ હરીયાની દીક્ષા (વય ૯ વર્ષ) તપસ્વીરત્ન પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પાસે મુર્હત કઢાવતાં એમની દીક્ષા તા.૨-૧૨-૧૨ના નક્કી થઈ છે. એ નિમિતે શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપૂર્વક કોટડા રોહાથી શંખેશ્વર સુધીની ભાવયાત્રા કરાવેલ. સૌ ભાવિકોના હૃદયએ ભાવયાત્રામાં આવતી ચારે ગતીઓ તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ અને મનુષ્યગતિમાં તરબોળ થઈ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની યાત્રામાં પાપોની ક્ષમા યાચના કરાઈ. યાત્રા દરમ્યાન રત્નાકર પચ્ચિસિની ગાથાઓ સામેલ કરી ભાવવિભોર બનાવેલ. કાર્યક્રમમાં મનસુખભાઈ શેઠે સુંદર સ્તવનો ગાઈ ભાવયાત્રામાં અનેરો રંગ લાવેલ.

પ્રભાવના શ્રી અનીલ પ્રેમજી હરીયા શેરડીવાલા તરફથી અને બીજી પ્રભાવના શ્રી વિશનજી લીલાધર દેઢીયા તરફથી રાખવામાં આવેલ.

કાર્યક્રમ બાદ સંઘ તરફથી સાધર્મિકભક્તિ હતી. સંઘે શ્રી કિશોરભાઈ સાંયા તેમજ શ્રી મનસુખભાઈ શેઠનો આભાર વ્યક્ત કરેલ.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


### શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ–વરંડી મોટી

શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીનું ધ્વજા મહોત્સવ તા.૧૭-૧૨-૧૨ના વિજય મુર્હુતે ઉજવાશે. શ્રી રતનશી તેજપાર લોડાયાના પરિવારજનો દ્વારા શિખર તેમ જ ઘુમ્મટની ધ્વજા ચડાવવામાં આવશે. ભાવિકો તા.૧૫-૧૨-૧૨ના મુંબઈથી સ્થાનકે જવા રવાના થશે. ત્યાં પધારનાર કુટુંબના સભ્યોની સંખ્યા અગાઉથી જણાવવા જણાવાયું છે. સંપર્ક : શ્રી મણિલાલ ડી. શાહ-૯૩૨૨૨૭૬૨૯૬, રમેશ હીરજી લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ તથા શ્રી અનિષ દિનેશ લોડાયા-૯૮૩૭૫૧૧૬૮૫

### વર્ધમાનનગરમાં ચબૂતરા તથા બગીચાનું ખાતમુર્હત

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાએ પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા., આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં વર્ધમાનનગર ઓનર્સ એસો.નાં સહકારથી નિર્મલ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી વર્ધમાનનગરમાં ચબૂતરા તથા ગાર્ડનનું ખાતમુર્હત શ્રી દેવજીભાઈ પાલાણી, શ્રીમતિ લીલમબેન પાલાણી, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી ઈશ્વરભાઈ દેસાઈ અને આર.સી.શાહનાં હસ્તે થયું.

પૂજ્ય ગુરૂભગવંતશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. ત્યારબાદ શાસ્ત્રોક્તવિધિ શ્રી રાજુભાઈ ભટ્ટે કરાવી હતી. વ્યવસ્થા પ્રબોધ મુનવર, મહેન્દ્રભાઈ મહેતા, હેમંત વિકમશી, હીરાચંદ છેડાએ સંભાળી હતી.

### માનવજ્યોત–ભુજ

પૂ. અવધૂતબાબા શિવાનંદજી મહારાજની કચ્છને મળેલ ત્રણ શિવયોગ શિબિરનાં કૃતજ્ઞતારૂપે મહાવીર-કબીર-સાંઈ સત્સંગ મંડળ દ્વારા માનવજ્યોત સંચાલિત બંને બાળ શ્રમયોગી શાળાનાં બાળકોને લાડુ પેકેટ વિતરણ કરાયા હતા. શહેરમાં અન્ય વિતારોનાં ૫૦૦ બાળકોને લાડુ પેકેટો વિતરણ કરાયા હતા. બાળ શ્રમયોગીઓએ ખુશી અનુભવી હતી. બાળકોની નારાયણ સેવા અર્થે માનવજ્યોત સંસ્થા-ભુજને અનુદાન અપાયું હતું.

માનવજ્યોત દ્વારા દિવાળી નિમિત્તે જરૂરતમંદ લોકોને કપડા વિતરણ કરવામાં આવ્યાં.

શ્રી પ્રબોધ મુનવર તથા સુરેશભાઈ માહેશ્વરીનાં જણાવ્યા મુજબ ભુજ શહેર અને આસપાસ વિસ્તારમાંથી લોકોએ જુનાં વસ્ત્રો માનવજ્યોત સંસ્થાને પહોંચાડેલ. જે સંસ્થાએ દરરોજ જુદા-જુદા વિસ્તારોમાં જઈ જરૂરતમંદ લોકો સુધી હાથોહાથ કપડા પહોંચાડયા હતા.

માનવજ્યોત-ભુજ દ્વારા શહેરમાં ચાર સ્થળે જુના કપડા સ્વીકારવામાં આવે છે. જે માટે કાર્યાલયનાં ફોનઃ ૨૨૪૦૦૦ અથવા ફોન નં.૨૫૮૮૦૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

### વર્ધમાનનગરે તપસ્વીનાં માસક્ષમણ પારણાં

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., આ.ઠા.ની નિશ્રામાં શ્રી દીપેશ પ્રબોધ મુનવરનાં ૩૧ ઉપવાસનાં પારણા પ્રસંગની અનેરી ઉજવણી વર્ધમાનનગરમાં થઈ હતી અને તપની અનુમોદના કરાઈ હતી.

તપસ્વીએ સવારે નિવાસસ્થાનેથી વાજતે-ગાજતે જઈ અચલગચ્છાધિપતિશ્રીનાં આશિર્વાદ મેળવ્યા હતા. અને ત્યારબાદ તપસ્વીની શોભાયાત્રા શરૂ થઈ હતી. પૂજ્ય ગુરૂભગવંતો સાથે અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીનાં દર્શન કર્યા હતા. બેન્ડવાજા અને શણગારેલા રથ સાથે તપસ્વીની શોભાયાત્રા વર્ધમાનનગરમાં ફરી હતી. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો, વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકરો શોભાયાત્રામાં જોડાયા હતા.

પૂજ્યશ્રીએ તપસ્વીનાં ઘેર પધારી પાવન પગલા કર્યા હતા. જૈન સમાજનાં આગેવાનો શ્રી તારાચંદભાઈ છેડા તથા મુકેશભાઈ ઝવેરીએ તપસ્વીનાં નિવાસસ્થાને જઈ શાતા પૂછી હતી.

આ પ્રસંગે ગુરૂવંદના બાદ યોજાયેલા કાર્યક્રમમાં પૂજ્યોએ તપસ્વીને આશિર્વચન આપતાં જણાવ્યું કે દેવ-ગુરૂની કૃપાએ દીપેશકુમારે માસક્ષમણ તપ શાતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

બપોરે માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર હસ્તે જયાબેન પ્રબોધ મુનવર દ્વારા સાધર્મિક ભક્તિ યોજાઈ હતી.

## "પ્રકાશ સમીક્ષા"ના વાચકો, અંક ન મળ્યાની કે મોડા મળવાની ફરિયાદ

*"પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિક દર મંગળવારે ટપાલ દ્વારા મોકલાય છે. આ અંકો એરીયા પ્રમાણે જુદા પાડી જુદા જુદા બંડલો બાંધીને મુંબઈ GPOની પત્રિકા ચેનલ ખાતાને સુપરત કરવામાં આવે છે. જેની પહોંચ મળે છે. આ કારણે મુંબઈમાં બે દિવસમાં જ અંકો મળી જાય છે. જ્યારે બહારગામ અંકો મોડા મળે છે. આજે કારોબાર વ્યાપ વધ્યો છે તેમ ટપાલીઓની સંખ્યા વધતી નથી. ટપાલ છાંટણીવાળો સ્ટાફ પણ અપૂરતો છે. જેને કારણે અંકો મોડા મળતા હોય છે, આવી ફરિયાદ સતત હોય છે.*

*અમારી જવાબદારી દર મંગળવારે નિયમિત રીતે અંકો ટપાલ ખાતાને આપવાની હોય છે. જે અમે નિષ્ઠાપૂર્વક બજાવીએ છીએ. અને પ્રોપર સોર્ટીંગ કરી દરેક ને જલ્દી મળે તેવા સર્વ પ્રયત્ન કરીએ છીએ. તેમ છતાં ટપાલ ખાતાની અપુરતી વ્યવસ્થાને કારણે ઝડપી સેવા મળતી નથી.*

*હવે જે ગ્રાહકો અંકો મોડા મળવાની કે ન મળવાની કાયમી ફરિયાદો કરતા હોય છે, તે ગ્રાહકો જો પોતાના એરિયાની પોસ્ટ ઓફીસમાં લેખિત ફરિયાદ કરશે અને તેની કોપી હેડ પોસ્ટ ઓફીસ (GPO પત્રિકા ચેનલ પોસ્ટ ઓફીસને) મોકલીને અમને જાણ કરશે, તો તેમની ફરિયાદનો ઉકેલ આવી જવાની શક્યતા છે. ટપાલી તેમને ચીવટથી પ્ર.સ.ના અંકો અને અન્ય ટપાલ નિયમિત રીતે આપી જશે એવી અમને આશા છે. એટલે ગ્રાહકો સ્થાનિક પોસ્ટ ઓફીસમાં અંકો ન મળ્યાની કે મોડા મળતા હોવાની લેખિત ફરિયાદ કરે, એવી અમારી નમ્ર વિનંતી છે. આ વિધિ કર્યા સિવાય અમને ફોન/પત્ર દ્વારા સતત ફરીયાદ કરવાથી કશું થઈ શકશે નહીં અને અમે તેનું સમાધાન આપી શકીએ નહીં.*

*પ્ર.સ.એ રજીસ્ટર્ડ પત્ર છે. દરેક પરિવારને નિયમિત મળવું જ જોઈએ. સ્થાનિક ટપાલ કચેરીમાં લેખિત ફરીયાદ સાથે જુનો કોઈ અંક બતાવશો અને પોસ્ટ માસ્તર કે ટપાલીને તે નિયમિત આપવા સમજાવશો તો જરૂર કંઈક ઉકેલ આવશે. આ ઉપરાંત પ્ર.સ. દર સોમવારે www.prakashsamiksha.com પર ઈન્ટરનેટ માધ્યમથી લોગ ઓન કરી વાંચી શકાય છે. આ સિવાય આપના અંકના સરનામા સ્ટીકર ચેક કરી સુધારા વધારા લખી જણાવશો તો ફેરફાર કરી શકાશે.*

**પ્ર.સ. સમિતિ**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મયુર લાલજી મોતા** | વાસન ફોર્ડ, સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧ ફોનઃ ૨૨૮૩૫૫૫૫ |
| **લહેરચંદ લાલજી સોની** | ૩૩, મુલુન્ડ રિધ્ધિસિધ્ધિ, મીઠાઘર ક્રોસ રોડ, મુલુન્ડ (ઈ)-૪૦૦૦૮૧. ફોનઃ 9920145458/9889811321 |
| **હર્ષા લક્ષ્મીચંદ મોમાયા** | મિત્રકુંજ ૧લે માળે, પ્લોટ ૫, ગજાનન કોલોની, રીંગ રોડ, જલગામ-૪૨૫૦૦૧ ફોનઃ0257-2238654, 9225517002 |
| **રમેશ વાલજી ખોના** | PC No.42 વર્ધમાન નગર, ભુજોડી-માધાપર રોડ, ભુજ (કચ્છ) ફોનઃ ૦૯૯૭૮૨૨૦૩૦૩ |
| **સમીત દિનેશ ખોના** | ૨૪ ભવિતા પાર્ક, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪. |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ઉર્મીલાબેન દેવશી દંડ-ઘાટકોપર ૨૧૦૨૮૮૫૧ મીનાબેન અશોક જીવાણી-કલ્યાણ ૯૯૩૦૨૬૧૩૫૯

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૧૧-૧૨ | અંધેરી | KRMT090303 | તેજ-કુણાલ અનિલ મોતા | કોઠારા | કન્યા |
| ૨૬-૧૦-૧૨ | ડોંબિવલી | VVLA120105 | દક્ષ-અતુલ કુસુમકાંત લાલકા | વારાપધ્ધર | પુત્ર |
| ૨૯-૧૦-૧૨ | ખંડવા | SUCD030404 | આરના-કુનાલ બિપીન છેડા | સુથરી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૨ | ગદગ | KRLO110703 | અતીત ભરત લાલજી લોડાયા | કોઠારા | ૨૬ |
| | સોલાપુર | NLLA010904 | મેઘા તિલોકચંદ નારાણજી લાલકા | નલીયા | ૨૨ |
| ૫-૧૧-૧૨ | હુબલી | MJDD100605 | હર્ષ દીલીપ વેલજી દંડ | મંજલ | ૨૬ |
| | વડોદરા | TRLO120603 | તિલિક્ષા હરેશ શામજી લોડાયા | તેરા | ૨૫ |
| ૧૧-૧૧-૧૨ | મુલુન્ડ | KBLO0901204 | મોનેશ ચંદ્રકાંત વેરશી લોડાયા | મોટીખાવડી | ૨૭ |
| | મુલુંડ | BHDD0042005 | રીટા અશ્વીન વીરચંદ દંડ | ભરુડીયા | ૨૩ |
| ૧૧-૧૧-૧૨ | ઘાટકોપર | KRKN030403 | ભાવિન હિરેન માણેકજી ખોના (પાલાણી) | કોઠારા | ૨૬ |
| | માટુંગા | MJLO010704 | કીંજલ લહેરચંદ કાનજી લોડાયા | મંજલરેલડીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૧૧-૧૨ | મુલુન્ડ | ARLO020303 | વરુણ મુલજી ખીંયશી લોડાયા | આરીખાણા | ૨૫ |
| | દહીસર | A | પૂજા આનંદ શ્રીનિવાસ ગલગલી | ઘારવાણા | ૨૪ |
| ૧૧-૧૧-૧૨ | મુલુન્ડ | ARLI0301703 | મિથીલ મહેન્દ્ર મોતીલાલ લાપસીયા | રંગપુર | ૨૫ |
| | મુલુન્ડ | A | ખુશ્બુ હસમુખ ઠક્કર | રોહાકોટડા | ૨૩ |
| ૧૧-૧૧-૧૨ | ડોંબિવલી | BHDD0101305 | સોજલ અનિલ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૭ |
| | મુંબઈ | A | વર્ષા રોહીદાસ ઇંગલે | સોલાપુર | ૨૬ |
| ૧૪-૧૧-૧૨ | મુલુન્ડ | TRCD011204 | રૂચીર નિતીન સ્વરૂપચંદ છેડા | તેરા | ૨૫ |
| | કાંદીવલી | A | પ્રિયંકા હરેશ નરોતમદાસ રાયચુરા | અમરેલી | ૨૫ |

### છૂટાછેડા (આંતરજ્ઞાતિય)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૮-૧૨ | નાગપુર | JKMA060204 | ગૌરવ તિલકચંદ વીરચંદ મૈશેરી | જખૌ | ૨૬ |
| | - | A | નમિતા નંદકિશોર બલખે | - | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૧૧-૧૨ | કોઈમ્બતુર | SILO030101 | રતીલાલ ટોકરશી ભોજરાજ લોડાયા | સાંયરા | ૮૮ |
| ૧૨-૧૧-૧૨ | ઇંદોર | RPMT010601 | આણંદજી જેઠાભાઈ ખીંયરાજ મોતા | રાપરગઢ | ૭૬ |
| ૧૨-૧૧-૧૨ | ડોંબિવલી | GENG020501 | શરદ વિશનજી હરશી નાગડા | ગોએરસમા | ૪૭ |
| ૧૨-૧૧-૧૨ | મુલુંડ | JKHF020101 | લહેરચંદ ડુંગરશી માણેકજી હેફા | જખૌ | ૬૭ |

## પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

જન્મ
૩-૧-૧૯૪૬



અરીહંતશરણ
૨૧-૧૧-૧૧

**સ્વ. ભાનુમતિ અનિલ મણીલાલ મૈશેરી**
(જખૌ-આકોટ)

આપની કૌટુંબિક ભાવના તેમજ સદાય હસતો ચહેરો અમારો આત્મબળ વધારતો રહેશે.

❋ શોકાતુર ❋

**શા. માણેકજી પરબત મૈશેરી પરિવાર**
આકોટ - બુરહાનપુર - મલકાપુર - શેગાવ
કોઇમ્બતુર - લોનવલા - પવઈ

## હાર્દિક અભિનંદન !



**રોહન મધુકર ભાટે (સાંગલી)**

આપશ્રીને આપની કાબેલીયત, વન્ય પ્રાણી જીવનના વિષયમાં રસ-રૂચિના આધારે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સાતારા જીલ્લાના **માનદ્ વાઈલ્ડ લાઈફ વૉર્ડન** તરીકે નિમણુંક થઈ છે એ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. હજીયે આ ક્ષેત્રે વધુ યશસ્વી રહો એવી શુભેચ્છા...

સરકાર દ્વારા પ્રકાશિત "વાઈલ્ડ મહારાષ્ટ્ર" બુકમાં આપની એ પ્રવૃતિઓ અને તસ્વીરોની નોંધ લેવાઈ છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપની સિધ્ધિનું અભિવાદન કરાયું છે. આપશ્રીને સર્પમિત્ર, પક્ષીમિત્ર એવોર્ડ પણ મળ્યા છે. વનવિભાગની પર્યાવરણ સંરક્ષણ સમિતિમાં પણ નિમણુંક થઈ છે. નિસર્ગપ્રેમી તરીકે આપ વન્ય પ્રાણીઓ-પંખીઓના અભ્યાસમાં રસ લઈ પ્રવૃત છો. સહ્યાદ્રી ટાયગર રીઝર્વ માટે પણ શ્રેષ્ઠ કાર્ય કર્યું છે.

## માસીક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

દેહ આગમન
તા.૩-૯-૧૯૫૨



દેહ પરિવર્તન
તા.૧૯-૧૦-૨૦૧૨

**સ્વ. ગુણવંતીબેન મણશી પોલડીયા**
(ડુમરા-મુલુન્ડ)

ગુણીયલ ગુણવંતીબેન તમારી કેવી ગરવી ગરિમા, પુણ્યશીલ પોલડીયા પરિવારમાં પધારી પ્રસરાવી પરિમા.
સજાવ્યા સ્નેહના સૌરભ સંસ્કારોની સુંદર પ્રતિમા, માનવંતા મા તુલ્ય મોટીબેન, મહેકો છો મનમોહક મુદ્રામાં,
રાયચંદ, હરીશ, રમેશના, મા બન્યા લહેરચંદના વિશાલ પુષ્પ-હિત-તન્વીના, ફઈબા મયુર, મહેન, રશ્મીના
સરલા સુંદર સ્નેહની સરિતા, અલખની અલૌકિક અલ્કા મનમાં મહાવિદેહની, ખેવના, તપ તેજે તરો "તારિકા"
ધ્રુવ, ધૈર્યથી જીવન જીવી ગયા, યશ્વીતા પામી ગયા.

★ શોકાતુર ★

માતા-પિતા : સ્વ. કુંવરબાઈ મણશી પોલડીયા
ભાઈ-ભાભી : સરલા રાયચંદ, અલકા હરીશ, ખેવના રમેશ, તારીકા લહેરચંદ
ભત્રીજા-ભત્રીજાવહુ : પુષ્પા વિશાલ, તન્વી હીતેશ ● ભત્રીજા-ભત્રીજી : મયુર, રશ્મી, મહેન
ભત્રીજા-પુત્ર, પુત્રી : ધ્રુવ-ધૈર્ય, યશ્વી
દાદાણા : સ્વ. માણેક ખીંયશી પોલડીયા પરિવાર
નાનાણા : સ્વ. શામજી હંસરાજ રતાણી પરિવાર (તેરા)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

ACBL
Estd 1984

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S.Marg, Vikhroli (W), Mumbai- 400 083.
Tel.:2579 9326 Fax :2579 9323 Email : acblho@arihantbank.com

## મોંઘવારી ના જમાનામાં ...... વધુ વળતર !

૫૦૦ દિવસની ડીપોઝીટ ઉપર ૯.૫૦ % વાર્ષિક વ્યાજ

સીનીયર સીટીજન, કો. ઓ. સોસાયટી, ટ્રસ્ટ, રજી. એસોશિયનને ૦.૫૦ % વધુ વ્યાજ

રૂ. ૨૫ લાખ અથવા તેથી વધુ ડીપોઝીટ પર ૯.૭૫ % વાર્ષિક વ્યાજ

શેરધારકોના વ્યાજની રકમ ઉપર ટી.ડી.એસ. નહીં કપાય

"અરિહંત બેંક... પાંજી બેંક"

અમારા માનવંતા શેરધારકો અને ગ્રાહકોને દિવાળી ત્થા નુતન વર્ષની

"હાર્દિક શુભેચ્છા"

* OUR BRANCHES *

| BHANDUP Branch | MULUND Branch | GHATKOPAR Branch | CHINCHBUNDER Branch | MOHILI Branch | DOMBIVLI Branch | APMC - Vashi Branch | THANE Branch |
|---|---|---|---|---|---|---|---|
| 022-25954422 | 022-25647157 | 022-25015820 | 022-23478134 | 022-25023778 | 0251 2445809 | 022-27849430 | 022 25437977 |

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**